૪૧૯૪

નવજોત ક્રિયા.


[illegible]

[illegible]

ગવત ઇસાઇ [illegible] અવત્ ખસાઇ અએષે

ા.

સો જરથોસ્ત કેહે છે કેઃ—જ્યાંસુધી મારામાં સગતું કૌવત છે અને મનના મજબુતાઇ છે સચ્ચાઇ શિખવવાની હું કોશેશ કરીશ.



આવૃતિ ત્રીજી.

બનાવનાર

જામાસ્પજી એદલજી દાદાચાંનજી.

મુંબઈ:

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ

સને ૧૨૫૭ યઝદેજરદી—સને ૧૮૮૮ ઇસવી

કીંમત ત્રણ આના.

નવજોત ક્રિયા.

𐬫𐬀𐬎𐬎𐬀𐬚 . 𐬌𐬯𐬁𐬌 . 𐬙𐬀𐬎𐬎𐬁𐬗𐬁 . 𐬀𐬎𐬎𐬀𐬚 . 𐬑𐬯𐬁𐬌 .

𐬀𐬉𐬴𐬉 . 𐬀𐬴𐬀𐬵𐬌𐬌𐬁 .

યવત ઇસાઈ તવાચા અવત્ ખ્સાઇ અએષે અષહ્યા.

અશો જરથોસ્ત કેહે છે કે:—જ્યાં સુધી મારાંમાં શરીરને લગતું કોવત છે અને મનની મજબુતાઇ છે ત્યાંસુધી સચ્ચાઇ શિખવવાની હું કોશેશ કરીશ.



આવૃતિ ત્રીજી.

બનાવનાર

જામાસ્પજી એદલજી દાદાચાંનજી.

મુંબઇ:
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.

સને ૧૨૫૮ યઝદેજરદી—સને ૧૮૮૯ ઇસવી.

કીંમત ત્રણ આના.

દીબાચો.

આ ચોપાન્યાંમાં સમાવેલી બાબત, આજથી બાર વરસ ઉપર, જરથોશ્તી ધર્મના અભ્યાસીઓનાં નવાં મંડલનાં જાંણીતા મારા મિત્ર એરવદ તેહમુરસ દીનશાહજી અંકલેશરીઆની સુચનાં ઉપરથી, લખવામાં આવી હતી.

એ મારા મિત્રએ પોતાનાં વડા બેટાને ઘટતી ઉમરે આવ્યા પછી, જરથોશ્તી ધર્મ નીતિનાં જોઇતાં મૂલતત્વોનું જ્ઞાન આપી અને જરથોશ્તી તરીકેની ફરજોનું અસલ ઇકરારનામું શિખવી, ધર્મમાં દાખેલ કરવાની ક્રિયા કરાવી હતી જે રીત પોતાનાં કુટુંબમાં ચાલુ રાખી છે.

હાલમાં, વખત જતે, કેટલાક કુટુંબોના વડાઓ પોતાનાં બાલકોની નવજોત ક્રિયા વખતે જરથોશ્તી તરીકેની ફરજોનું અસલ ઇકરારનામું તેઓને શિખવવાની અને સેહલા સવાલ જવાબનાં આકારમાં ધર્મ નીતિનાં મૂલતત્વો શિખવી શકાએ એવી કોઈ ચોપડી પ્રગટ થવાની જરૂર સમજે છે તેથી બાલકોની શક્તિનાં પ્રમાણુની સાદી એબારતમાં આએ ચોપાન્યું છપાવી પ્રગટ કરવાનું મેં દરૂસ્ત ધાર્યું છે.

રોજ ૫ મો માહા ૧૨ મો સને ૧૨૫૫ યજદેજરદી, તા૦ ૧૮ મી આગસ્ત ૧૮૮૬ ઈસવી.

જા. એ. દાદાચાંનજી.

બીજી આવૃત્તિ.

આ નાના ચોપાન્યાંની પેહેલી આવૃત્તિ દશ મહીનામાં ખપી જવાથી ધર્મનીતિને લગતા કેટલાક સવાલ જવાબોના વધારા સાથે આ બીજી આવૃત્તિ છપાવી પ્રગટ કરી છે.

રોજ ૨૦ મો માહ ૧૦ મો
સને ૧૨૫૬ યજદેજરદી તા૦ ૪
જુલાઇ ૧૮૮૭ ઇસવી.

જા. એ. દાદાચાંનજી.

ત્રીજી આવૃત્તિ.

આએ આવૃત્તિ પેહેલી અને બીજી કરતાં વધારે સુધારા અને વધારા સાથે અને એના ઉપર થયલા ટીકાઓનાં જવાબો સાથે પ્રગટ કરી છે.

રોજ ૧૨ મો માહા ૧ લો
સને ૧૨૫૯ યજદેજરદી તા૦
૨૮મી સપતેમ્બર ૧૮૮૯ ઇસવી

જા. એ. દાદાચાંનજી.

સાંકળિયું.

સફે.

નવજોત માટેનાં ઉમેદવાર બાલકને ધર્મ નીતિનાં મૂલતત્વો તથા ફરજોનું ઇકરારનાંમુ શિખવવા વિષે, એ ક્રિયાની ચાલુ રૂઢી વિષે અને તેમાં નીરંગ પાવામાં તથા પતેત પઢાવવામાં આવેછે તે વિષે ખુલાસો.

"There needs the common courage to be honest—the courage to resist temptation—the courage to speak the truth–the courage to be what we really are and not to pretend to be what we are not." S. Smiles.

જરથોશ્તીઓનાં બાલકોને અને બીજા ધર્મવાલાઓને માજદયસ્ની જરથોશ્તી ધર્મમાં દાખલ કરતી વખતે જે ક્રિયા તેઓ ઉપર કરવામાં આવે છે તેને હિંદુસ્તાનનાં જરથોશ્તીઓ નવજોતને નામે અને ઇરાંની જરથોશ્તીઓ શીવ–કુશ્તી આપવાની ક્રિયાને નાંમે ઓલખે છે. નવજોતનો અર્થ નવો બંદગ કરનાર અથવા નવો જન્મ લેનાર થાય છે. જરથોશ્તીઓનાં સમજણમાં આવેલાં બાલકોની નવજોત ક્રિયા સાતથી પંદર વરસની હદની અંદર કરવાને જણાવેલું છે. એ ક્રિયા હિંદુઓની **ઉપનીત**[1] (જનોઈ)ની ક્રિયાને મલતી છે.

---

૧ મનુસ્મૃતિમાં કહેલું છે કે—બ્રાહ્મણનાં છોકરાને આઠમે, રાજાનાં છોકરાને અગીઆરમે, અને વેપારીનાં છોકરાને બારમે વરસે–"ઉપનીત"–જનોઇ–ની ક્રિયા કરવી.

ચાલુ સમયમાં જે કાયદા અને રીત જરથોશતીઓમાં જાએજ છે તે એકે ઘણું કરીને સાતથી નવ વરસની ઉમરનાં બાલકોને, અવસ્તા જુબાંનનાં ચોકસ કલાંમો પોપટની મુવાફેક બીન સમજાવતે અને ઘણુ કરી અશુદ્ધ ઉચ્ચારે પાઠે કરાવવામાં આવે છે અને એટલુંજ શિખવીને તેઓની નવજોત ક્રિયા કરવાનું ઘટતું વિચારવામાં આવે છે! પણ નવજોત ક્રિયા—જે જરથોશતી ધર્મનો મૂળ પાયો છે તે—શું? તેની અગત શી છે? તે ક્રિયા થવા પછી બાલક કયા ધર્મમાં દાખેલ થાય છે? તે ધર્મ કેવો છે? તે કોણે સમજાવ્યો? તેમાં કયાં કામ કરવાને અને કયાં કામથી દુર રહેવાને જણાવેલું છે? સદરો કુશતી તે શું? અને તેની મતલબ શી? ઇત્યાદિ બાબતોનું સાધારણ જ્ઞાન ઘણું કરીને, સેંકડે પાંચ માબાપો પોતાનાં નવાં બનતાં જરથોશતી બાલકોને આપતાં હોય એવું ખાતરીથી કહી શકાતું નથી.

દુન્યામાં વસ્તી જાંણીતી પ્રજા—હિંદુ, ક્રિશ્ચિયન અને મુસલમાંન—પોતાનાં ધર્મના મૂલતત્વો અને પેગમ્બર વિષેનું જ્ઞાન બાલકોના મગજમાં નાહાન-પણથી ઠસાવે છે જેથી બચ્ચાંઓમાં મોટાં થવા પછી ધર્મને લગતાં પુસ્તકો વાંચવાનો શોક અને કાલજી ઉત્પન્ન થાય છે પણ જરથોશતીઓ—જેઓ પોતાને ધર્મ અને સંસાર સુધારામાં આગલ વધેલા સમજે છે—તેઓ પોતાનાં બાલકોને નવજોત થવા આગમચ

અને તે થવા પછી પોતાનાં ધર્મનીતિનાં મૂલતત્વો શિખવવાની કાલજી અને દરકાર રાખતા નથી! માજદયસ્નાંનોની ફરજ છે કે બીજી કોમનાં લોકોની મુવાફેક પોતાનો ધર્મનીતિ અને ખોદા વિષેનું ઉમદા જ્ઞાન બાલકોનાં મગજમાં થસાવવું જેથી તેઓ ધર્મની ખુબીઓને પીછાનવા શિખે, તેનાં ઉપર ભરોસો લાવે અને રૂદે માર્ગે ચાલે.

સંસારો તથા રાજદરબારી સુધારા અને વધારાનાં ચાલુ વખતમાં જ્યારે પશ્ચિમ તરફની કેલવણી અને વાંચન, છોકરા અને છોકરીઓમાં, પાંણીના મોજા મુવાફેક, દરરોજ વધતું જાય છે ત્યારે જરથોશ્તી બાલકો "ધર્મની કેલવણી અને તેથી થતી અસર વગર ઉધરી મોટાં થાય છે! જરથોશ્તીઓની ઉવરતી ઓલાદને ધર્મની કેલવણી મલે અને તેને લગતી અસર તેનાં ઉપર થતી અને ખીલતી ચાલે તે માટે જોઇએ તેવા મજબુત ઉપાયો જરથોશ્તીઓ તરફથી લેવાતા નથી એ ધર્મને નુકસાંન કરનારૂં છે." બચપણથીજ ધર્મ શિખવવામાં ધર્મની હસ્તી અને કાયમી છે.

માટે, બાલકોને વિદ્યા તથા હુનરની કેલવણી સાથેજ ધર્મનીતિનું સામાન્ય જ્ઞાન આપવાની જરથોશ્તીઓની ફરજ છે. બાલકોને કેલવણી આપવા વિષે માહા પ્રતાપી અને લોકપ્રીય લોર્ડ રીપન કહે છે કે:—

"No Education can be complete and thorough, if it does not combine religious and secular Education."

બાલકો અને ઉમરે પુગેલાંઓને, જરથોશ્તી ધર્મનીતિનાં મૂલતત્વોનું કેટલેક દરજજે સામાન્ય જ્ઞાન આપવાસારૂં મારા અભ્યાસી મિત્રો તરફથી ચોપાન્યાં છપાઇ પ્રગટ થયલાં છે તે છતાં નવજોત થતાં બાલકો-નાં ખાસ ઉપયોગ સારૂં જરથોશ્તી તરીકેની કબુલાતો, ફરજો, બંદગી, અને અહુરમજદને માંનવાનાં જાહેર ઇકરારનામાંની તે ચોપાન્યાંઓમાં ખૂટ જણાવાથી બાલકને જોઈતી ધર્મનીતિ, અહુરમજદને માંનવાનો ઇકરાર, માજદયસ્નની તરીકેની ફરજો, કબુલાતો અને બંદગી અવસ્તા ભાષામાં તેનાં ગુજરાતી ખુલાસા સાથે સમાવેશ કરી તથા કુશ્તી કરવાને લગતા અવસ્તા તેના તરજુમા સાથે દાખલ કરી આએ ચોપાન્યું રચ્યું છે.

એમાં સમાવેલી બાબતોનો ખુલાસો કરવા પેહલાં ચાલુ આવેલા કાયદે નવજોત ક્રિયા કરતી વખતે શું કરવામાં આવે છે તેનો હેવાલ આપવાની જરૂર છે.

ચાલુ રીતમાં નવજોત થતાં બાલકને પેહલાં નીરંગ (ગૌમુત) દાડમની પાતરી સાથ ત્રણ વાર પાવા પછી તેનું શરીર પાક કરવામાં આવે છે અને તે પછી સદરા[1] સીવાયનો પોશાક પેહેરાવી મજલસમાં તે બાલકને લાવવામાં આવે છે ત્યાં તેની પાસે પતેત પઢાવામાં આવે છે અને તેને સારૂં બીજાઓ બી પતેત

---

૧ કદમી જરથોસ્તીઓ સદરો પેહેરાવીને બાલકને મજલસમાં લાવે છે.

કરે છે; પતેત પઢી રહેવા પછી નવજોત ક્રિયા કરનાર અથોરનાન બાલકના હાથમાં સદરો આપીને પાજંદ ભાષામાં ખોદાની સ્તૂતિ અને દીનનો કલમો તેને પઢાવેછે, યથા અહૂવઈર્યો પઢતાં તેને સદરો પેહેરાવે છે અને કુશ્તી હાથમાં લઇ તે બાલક પાસે પોતાના હાથ ધરાવીને તે ક્રિયા કરનાર અહુરમજદ યશતનો દીબાચો "વિદ્વાઓ મ્રઓતૂ" સુધી પોતે પઢે છે. પછી નીરંગ કુશ્તી બાંધવાની બાલકને પઢાવતાં "ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ"વાલા વાકય આગલ કુશ્તી કમરે બંધાવે છે, બે "અહુનવર અને એક અષેમ્" પઢાવતાં તેના ચાર ગાંઠ બંધાવામાં આવે છે અને છેલે "જસ મે અવંઘ્હે મજદ"નો કર્દો સમાપ્ત કરાવવામાં આવે છે. પછી ક્રિયા કરનાર પોતાની જગાએ બેસીને "હોશબાંમ" પઢે છે અને બાલક માટે "તંદરોસ્તી" પઢીને મજલસ બરખાસ્ત થાય છે. એટલું કરવામાં નવજોત ક્રિયાનો હેતુ પાર પડેલો સમજવામાં આવે છે!

આએ સામાન્ય રીતની ક્રિયામાં જુદા જુદા પંથ વાલાઓ ચોકસ ફેર કરે છે જેમકે કોઇ પંથવાલા અહુરમજદ યશતનાં દીબાચામાં "વિદ્યાઓ મ્રઓતૂ" પછી "પેરેસત્ જરથુશ્ત્રો અહુરેમ્ મજદાંમ્" પઢીને "નીરંગ કુશ્તી" બાંધવાની પઢાવેછે; કોઈ પંથવાલા "હોશબાંમ્" પઢતા નથી; અને કોઇ પંથવાલા બાલક પાસે પતેત પઢાવતા નથી પણ તેને સારૂં તેઓ પોતે પઢે છે વગેરે.

ચાલુ આવેલી રીતમાં નવજોત થતાં બાલકને નીરંગ (ગૌમુત) પાવામાં આવે છે; તેની પાસે પતેત પઢાવામાં આવે છે અને બીજાઓ તેને સારૂં પતેત કરે છે તેનો અત્રે વીગતે ખુલાસો કરવાની જરૂર છે. પેહેલાં તપાસવાનું છે કે જરથોશ્તી ધર્મમાં શું નીરંગ (ગૌમુત) પાવાનું ફરમાન છે?

પ્રમાંણીક અને ધર્મના ખરા અભ્યાસીઓ ધર્મ પુસ્તકોને આધારે જણાવશે કે કોઈબી માનસને ગમે એવો પાપો હોએ તે છતાં નીરંગ પાવાનું જરથોશ્તી ધર્મ પુસ્તકોમાં ફરમાવેલું નથી.

બાલકને નીરંગ પાવામાં આપણા લોકો એવી મતલબ ધરાવતા માલમ પડે છે કે તેથી તે પવિત્ર થાય છે. પવિત્રાઇ અથવા ચોખાઇ વિષે ધર્મમાં ફરમાવેલું છે કે તે બે રીતની છે. એક મનની અને બીજી શરીરની. શરીરની સફાઇમાં શું કરવાથો બોગાડો થાય છે અને તે કેવી રીતે દુર થઇ શકે તે વિષેની પુષ્કળ બાબતો વંદીદાદમાં લખાયલી છે, તે ઉપરથી જણાય છે કે કોઇબી નુકસાન કરનારી વસ્તુ, હવા અથવા ચામડીનાં દરદ પેદા કરનારો હરેક પદાર્થ જ્યાંસુધી શરીરને લાગતી નથી ત્યાં સુધી શરીર અપવિત્ર થતુંજ નથી પણ જો ઉપર જણાવેલી કોઈબી વસ્તુ શરીરને લાગે તોજ તે ધર્મને કાયદે ગલીચ કહેવાય છે અને તેને દુર કરવા માટે પાણી, માતી અને ગૌમુત વાપડવાને

વંદીદાદમાં ફરમાવેલું છે પણ **નીરંગ પાઇને** શરીરની ગલીચી દુર કરવાને ફરમાવેલું નથી; મુવેલાં કાલબુદને અડકનાર અને લાસ ઉચકનારને પવિત્ર કરતી વખતે નવ દીવસ સુધી લોકોથી દુર રાખીને ચોકસ ક્રિયાઓથી તેને પવિત્ર કરવા ફરમાવેલું છે પણ તેને વટીક નીરંગ પાવાનું કેહેબી કહેલું નથી.

મનની સ્વચ્છતામાં બીગાડો થવાથી મનની અપવિત્રાઈ થાય છે તેને દુર કરવા સારૂં, કીધેલાં ખરાબ કામોનો પશ્ચાતાપ કરવાને, તેવાં કામ ફરી નહીં કરવાની કબુલાત આપવાને, અને હુમત, હુખ્ત અને હવર્શ્ત ઉપર ઉસ્તવારી રાખવાને, ફરમાંવેલું છે પણ તેને નીરંગ પાઇને પવિત્ર કરવાનું ફરમાન તો નથીજ.

આએ ખુલાસા ઉપરથી જણાશે કે જરથોશ્તી ધર્મનાં પુસ્તકોમાં કોઈબી કારણસર **નીરંગ પાવાનું** ફરમાન છેજ નહિં.

બાલકને નીરંગ પાવામાં આવે છે તે વખતે જે સાધારણ ફારસી વાક્ય—"ઇન ખોરમ્ ઇન પાકીએ તન ચોજદાથએ રવાંનરા"—તેની પાસે બોલાવવામાં આવે છે તેનો અર્થ એ છે કે—"આએ (નીરંગ) મારાં તનની પાકી અને રવાનની પવિત્રાઇને માટે હું પીવું છે." એ રેવાજ પાછલથી ઘુસેલો છે અને એ ઉપલો વાક્ય પાછલા વખતનો છે તે તેની પાછલા વખતની ફારસી ભાષા ઉપરથીજ સાબેત થાય છે. નીરંગ

શરીરને લગાડવાથી તેનાં કોઈ ચોકસ ગુણને લીધે તન પાક થતું ધારી શકાય પણ **નીરંગ પીવાથી** રવાંન પવિત્ર થઈ શકે નહિં.

હવે, બાલક પાસે **પતેત** પઢાવામાં આવે છે અથવા તેને માટે બીજાઓ **પતેત** કરે છે તે વિષેનો ખુલાસો કરવા આગમચ પતેતના બનાવનાર અને તેનાં જમાંનાંવિષે થોડીક વિગત જણાવવાની જરૂર છે.

જરથોશ્તી ધર્મનાં અસલ ફરમાંનોને આધારે જુદે જુદે વખતે જુદી જુદી ભાષાઓમાં જે લખાણો થયલાં છે તેમાંનું એક **પતેત** છે અને તે પાજંદ ભાષામાં પંદરસો વરસ ઉપર મર્હૂમ દીન આગાહ દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારેસ્પંદ યજશાનેનો હા. ૧૨મો જે આ ચોપડીને સર્ફ ૨૧ મે દીનના ઈકરાર તરીકે આપેલો છે તેના ઉપરથી પોતા તરફની કેટલીક શરેહ સાથે બનાવી છે. એ રૂહશાદ દસ્તુર પંદરસો વરસ ઉપર નાસેખઉલ તવારીખના લખનારને મતે અરદેશર બાબકાંનની પાદશાહીના ૧૧માં વરસમાં જન્મયા હતા અને એ દસ્તુર સાહેબે પોતાના વખ-તમાં આપણાં ધર્મમાં ઘણો સુધારો કીધો હતો તથા ધર્મ સંબંધી નીતિને લગતા નિબંધો પ્રગટ કીધા હતા અને ત્રણ **પતેતો** બનાવી હતી. એક પતેત પશેમાંની જે સાધારણ પઢવામાં આવે છે તે પાજંદ ભાષામાં, બીજી ખુદ પતેત પેહલવીમાં અને ત્રીજી પતેત ઈરાંની ફારસીમાં છે. એ ત્રણેનો ભાવાર્થ એક

સમાંન છે પણ ભાષા જુદી છે એ ઉપરથી માલમ પડે છે કે એ પતેતો અશો જરથોશતનાં પછી નજદીક બે હજાર વરસે લખાયલો છે.

હવે, પતેત પઢવી એટલે શું ? જે ગુનાહ જાંણુ અથવા અજાંણપણે થયો હોય તેને માટે ખરા દીલથી પશ્ચાતાપ કરી તેવો ગુનાહ ફરી નહિં કરવાની કબુલાત આપીને ખોદા પાસે તેની માફી ઇચ્છવાના કામને પતેત ઇઆને "પાછું ફરવું" કહેછે. એ ઉપરથી ધ્યાંનમાં આવી શકે છે કે જે માનસે જે ગુનાહ કીધો હોય તેને માટે તે માનસ પોતેજ પતેત કરે તો-જ તેનો ગુનાહ માફ થઇ શકે પણ જો તેને માટે કોઇ બીજો પતેત પઢે તો તેથી તેનો ગુનાહ માફ થઇ શકતો નથી. ચાલુ રીતે જે પતેત કરવામાં આવેછે તે ઉપરથી એવું થાય છે કે જાંણુ એક માનસ બીમાર હોય તેને તંદરોસ્ત કરવાને બીજા માનસને દવા પાવા બરાબર છે! જેમ કોઇ માનસ બીમાર હોય તેનેજ દવા પાવાથી તે તંદરોસ્ત થાય છે તેમ જે માનસે પોતે ગુનાહ કીધા હોય તે માનસ પોતેજ પતેત કરે તોજ તેનો ગુનાહ કપાય છે. બીજાના કીધેલા પશ્ચાતાપથી તેનો ગુનાહ દુર થતો નથી એવી આપણા ધર્મની રૂઢી છે.

એ ઉપરથી જણાય છે કે નવજોત થતાં બાલક માટે બીજાઓ પતેત કરે તો તે બેજા છે ઇઆને તેઓના તે પઢવાથી બાલકને કોઇબી રીતનો ફાયદો અને સવાબ મલતો નથી.

જો બીજાઓએ તે બાલકને સારૂ કીધેલી પતેત તેને ઉપયોગી નથી તો શું તે બાલકે પોતે પતેત પઢવી ? નહિં, સબબ કે પતેતમાં જે ગુનાહોનુ વર્ણન આવેલું છે તેને બારીકીથી તપાસતાં જણાય છે કે તેમાં જણાવેલા ગુનાહો મોટાં માનસથીજ થઇ શકે અને તે ગુનાહો બાલકની શકિત અને સમજણની બાહેર છે, જે ગુનાહ કોઇએ કીધો નહિં હોય અથવા તે તેની શકિતથી બાહેર હોય અને જો તેની પાસે તે ગુનાહ કબુલ કરાવવાની અને તેનો પશ્ચાતાપ કરાવવાની ફરજ પાડવામાં આવે તો તે વાજબી કેહેવાય નહિં.

બાલકને "સદરે કુશતી આપવાની" બાબત જે ઠેકાંણે મલે છે તેમાં બાલક પાસે પતેત પઢાવવા વિષે ફરમાવેલું નથી પણ જુદદીનોને જરયોશતી ધર્મમાં દાખલ કરતી વખતે **પતેત** કરાવવાનું ફરમાવેલું છે અને તે વાજબી છે.

નવજોત ક્રિયાની ચાલુ રીત વિષે ખુલાસો કરવા પછી આએ ચોપાન્યાંમાં સમાવેલી, ચાલતી આવેલી રીત ઉપર સુધારો અને વધારો કરેલી અને સમજુ માનસો કબુલ રાખે એવી રીતની સમજણ આપવાની જરૂર છે.

શરૂઆતમાં, બાલકને લાયકના માજદયસ્ની જરયોશતી ધર્મનાં મૂલતત્વો, નવજોત ક્રિયા અને સદરા કુશતીની સમજણ ટુંકા સવાલ જવાબનાં રૂપમાં

આપવામાં આવી છે (જુવો સર્ફ ૧ થી ૧૯ માં સુધી) એ સવાલો—જે આગમચથી બાલક પાસે સમજણ સાથે પાહે કરાવાના છે—તે બાલકનું શરીર પાક કરવા આગમચ, તેને ક્રિયા સારૂં મેલવેલી મજલસમાં લાવીને, શીક્ષકે અથવા ક્રિયા કરનારે તે સવાલો પુછી તેની પરીક્ષા લેવી અને પછી તેનું શરીર પાક કરાવવું; શરીર પાક કરવા પછી, તે બાલકને સદરા કુશ્તી વગર બીજો પોશાક પેહેરાવી મજલસમાં લાવવું અને ક્રિયા કરનારે બાલકનાં હાથમાં સદરો આપી કાયદા પ્રમાણે તેને દીનનો કલમો પઢાવી સદરો પેહેરાવાની અને કુશ્તી બાંધવાની ક્રિયા સમાપ્ત કરવી.

ક્રિયા કરનારે પોતાનું કામ પુરૂં કરવા પછી અહુરમજદને માનવાનો ઈકરાર, (ફ્રવરાનેનો ફકરો) નીતિની પશંદગી અને અનીતિનો તિરસ્કાર (ફ્રસ્તુયેનો કર્દો,) જરથોશ્તી તરીકેની કબુલાતો અને ફરજો (ઇજ. હા. ૧૨ મો)[1] અને બંદગી (વસ્ચતૂનો

૧ ઇજ. હા. ૧૨ માં એક ખોદાને પૂંજવાની કબુલાત, દેવોને માંનવાનો તિરસ્કાર, અને બુરાઇ તથા બુરાં માનસોથી દુર રેહવાને ઘણી અસરકારક રીતે જણાવેલું છે અને એક ખરા જરથોસ્તીનું લક્ષણુ અને ઈકરારનામું છે. એ ૧૨ માં હાને જરથોસ્તી ધર્મ પુસ્તકોનો નામીચો અને બુજોર્ગ વિદ્યાન દાકટર સ્પીગલ 'Confession of faith' ને નાંમે અને અવસ્તા ભાષાનો "જબાનશનાસી' ને કાયદે અભ્યાસ કરવાની રીતનો હિન્દુસ્તાંનમાં પાયો નાખનાર વિદ્વાન અને માંન પામેલા અમારા ગુરૂ શેઠ ખુ. રૂ. કામા 'Articles of faith' ને નાંમે ઓલખે છે.

કર્દા) અવસ્તા ભાષામાં બાલક પાસે મોઢે ઇઆ વાંચીને પઢાવવું (જુઓ સર્ફ ૨૦થી ૨૫સુધી). બાલકે અવસ્તા ભાષામાં જે ઇકરાર, કબુલાત, ફરજો અને બંદગી કીધી તેનો ખુલાસો ક્રિયા કરનારે બાલકને વાંચી સંભલાવી તે પ્રમાણે ચાલવાની તે બાલક પાસે કબુલાત લેવી(જુવો સર્ફ ૨૬થી ૩૧ મે) અને બાલકને તંદરોસ્તીનાં આશીર્વાદ દઈ મજલસ બરખાસ્ત કરવી.

જા. એ. દાદાચાંનજી.

નવજોત થતાં બાલકને તન પાક કરવા આગમચ પુછવાના સવાલો.

સવાલ—આજ તમો ઉપર શું ક્રિયા કરવામાં આવનાર છે?

જવાબ—ભલી માજદયસ્ની જરથોશ્તી દીનમાં દાખલ થવાની.

સ૦—તે ક્રિયાનું નામ શું?

જ૦—નવજોત.

સ૦—નવજોત એટલે શું?

જ૦—નવો બંદગી કરનાર અથવા નવો જન્મ લેનાર.

સ૦—બંદગી કરનાર એટલે શું?

જ૦—ધર્મમાં જણાવેલા હોકમો પ્રમાણે ચાલનાર અને ખોદાની ભક્તિ અથવા પૂંજા કરનાર.

સ૦—ધર્મ એટલે શું?

જ૦—માનસને સારાં કામ કરવાને શિખવનાર અને ખરાબ કામ કરવાથી અટકાવનાર કાયદો.

સ૦—તમો શાને સારાં કામ કેહેવો છો?

જ૦—સચાઇ, પવિત્રાઇ, પરોપકાર, દયા, સખાવત
ઉદ્યોગ ઇત્યાદિને.

સ૦—તમો શાને ખરાબ કામ કેહેવો છો?

જ૦—જુઠાઇ, ચોરી, લુટફાટ, અપવિત્રાઇ, અપરો-
પકાર, આલસાઇ, ઠગાઇ ઇત્યાદિને.

સ૦—ધર્મ શું શિખવે છે?

જ૦—કેવી રીતે ચાલવાથી આએ અને આવતી
દુન્યામાં સુખ મલે તે ધર્મ શિખવે છે.

સ૦—ધર્મ કોણની મારફતે મલે છે?

જ૦—પેગમ્બરની.

સ૦—પેગમ્બરનું કામ શું?

જ૦—લોકોને પોતાની ફરજ અને ખોદાતાલાનાં
હોકમો વિષે જ્ઞાન આપવાનું.

સ૦—તમારા પેગમ્બર સાહેબનું નામ શું?

જ૦—અશો જરથોશ્ત.

સ૦—અશો જરથોશ્તના બાવા અને માએનું
નામ શું?

જ૦—બાવાનું નામ પોરોસસ્પ અને માએનું નામ
દોગદો.

સ૦—અશો જરથોશ્તનાં ધણીઆંણીનું નામ શું?

જ૦—હવોવિ.

સ૦—અશો જરથોશ્તનાં કેટલાં છોકરાં હતાં?

જ૦—ત્રણ છોકરા અને ત્રણ છોકરીઓ મલી ૭ હતાં.

સ૦—છોકરાઓનાં નામ જણાવો ?

જ૦—એશદવાસ્તર, ઉરવતતનર અને ખુરશેદચેહર.

સ૦—છોકરીઓનાં નામ કેહવો ?

જ૦—ફ્રેની, થ્રીતી અને પોરોચીશ્તી.

સ૦—અશો જરથોશ્ત કયા દેશનાં રેહેવાસી હતા ?

જ૦—ઇરાંન દેશનાં રએ શેહેરનાં.

સ૦—ઇરાંન દેશ સાથ આપણને શું સંબંધ ?

જ૦—ઘણા આગલા વખતમાં આપણાં વડવાઓ એ દેશમાં વસતા હતા.

સ૦—અશો જરથોશ્તે કયા પાદશાહનાં વખતમાં પોતાનો ધર્મ સમજાંવ્યો હતો ?

જ૦—ઇરાંન દેશના પાદશાહ ગોશતાસ્પના વખતમાં.

સ૦—તેને આજ કેટલાં વરસ થયાં ?

જ૦—આસરે ત્રણ હજાર.

સ૦—અશો જરથોશ્તની સર્વથી સરસ ખુબી શું હતી ?

જ૦—તેવણ પવિત્ર મનનાં, સાચા સખુન બોલનાર અને ભલા કામ કરનારા હતા.

સ૦—અશો જરથોશ્તે ધર્મ સમજાવતી વખતે લોકોને શું કહ્યું હતું ?

જ૦—એવું કહ્યું હતું કે—હું સચાઇનો ફેલાવો કરનાર, જુઠાઇનો ધિક્કાર કરનાર, ગલીચ વસ્તુઓનો નાશ કરનાર, બુરાં માનસોને ફજેત કરનાર અને ભલાં માનસોને મદદ કરનાર છું.

સ૦—અશો જરથોશ્તે જે ધર્મ સમજાવ્યો તેનું નામ શું?

જ૦—માજદયસ્ની જરથોશ્તી દીન.

સ૦—માજદયસ્ની જરથોશ્તી દીન એટલે શું?

જ૦—દુન્યાની સઘલી વસ્તુઓને પેદા કરનાર ઘણાજ ડહાપણવાલા સાહેબ—ખોદાતાલાને—પૂંજવાનો ધર્મ.

સ૦—માજદયસ્ની જરથોશ્તી દીન કયા ધર્મની વિરૂદ્ધ છે?

જ૦—દેવયસ્ની અને બુતપરસ્તી.

સ૦—દેવયસ્ની એટલે શું?

જ૦—ખોદાતાલાની બંદગી કરવાને બદલે તે સાહેબની પેદા કરેલી વસ્તુઓને ખોદા તરીકે પૂંજવું અથવા માન આપવું.

સ૦—બુતપરસ્તી એટલે શું?

જ૦—પથ્થર અથવા બીજી કોઇબી વસ્તુનો માનસ કે જાનવરના જેવો આકાર બનાવી તેની પૂંજા કરવી અથવા માન આપવું.

સ૦—તમો કેવા થવાને પસંદ કરોછો ?

જ૦—હું માજદયસ્ની જરથોશ્તી થવાને પસંદ કરૂંછું.

સ૦- તમો કેવા થવાને ઇચ્છતા નથી ?

જ૦—દેવયસ્ની અને બુતપરસ્તી.

સ૦—દેવયસ્ની અને બુતપરસ્તી થવાને પસંદ કાંય નથી કરતા ?

જ૦—કારણ એમાં પેદા કરનાર ખોદાતાલાની બંદગી અને ભક્તિ કરવામાં નથી આવતી.

સ૦—માજદયસ્ની જરથોશ્તી ધર્મ ખોદાતાલાનીજ બંદગી કરવાને શિખવે છે તેની ધર્મમાંથી સાબેતી આપો ?

જ૦—સાબેતી એ છે કે—ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર—ત્કએષો.

સ૦—એ વાકયનો ખુલાસો કરો ?

જ૦—ખોદાતાલાની ભક્તિ કરનાર, જરથોશ્તનાં ધર્મ પ્રમાણે ચાલનાર, દેવના[1] કામનો ધિક્કાર કરનાર અને જગત કરતાના કાયદાને માન આપનાર થવાને હું પસંદ કરૂં છું.

સ૦—કોઈ બીજી સાબેતી ધર્મમાંથી આપો ?

જ૦—મજદયસ્નો અહ્મી.

---

૧ જે વસ્તુ, હવા અથવા માનસ બીજી સારી ચીજો અને માનસને નુકસાંન કરે તેને દેવ કહેછે.

સ૦—એ વાક્યનો અર્થ કરો?

જ૦—હું ખોદાને માનનાર અને તેનીજ બંદગી કરનાર છું.

સ૦—માજદયસ્ની જરથોશ્તી ધર્મ પુસ્તક કઇ ભાષામાં લખાયલું છે?

જ૦—અસલી ઈરાંની ભાષા જે હાલમાં અવસ્તાઓ જંદ અથવા જંદ અવસ્તાને નામે ઓલખાય છે તેમાં.

સ૦—માજદયસ્ની જરથોશ્તી ધર્મની ઉત્તમ ખુબી શું કરવામાં છે?

જ૦—અશોઇ કરવામાં.

સ૦—અશોઈ એટલે શું?

જ૦—પવિત્રાઇ, ચોખ્ખાઇ અથવા સફાઇ.

સ૦—અશોઇ કેટલી રીતની છે?

જ૦—બે રીતની.

સ૦—તે બે રીત કઇ તે જણાવો?

જ૦—એક શરીરની અને બીજી મનની.

સ૦—શરીરની અશોઇ એટલે શું?

જ૦—શરીરને તેની ઉપરનો મેલ ધોઇને સાફ કરવું અને નુકસાંન કરનારી કોઇબી વસ્તુ અથવા હવાથી બચાવવું.

સ૦—શરીરની સફાઇથી શું ફાયદો થાયછે?

જ૦—શરીરને સુખ થાયછે અને કોઈબી ઉડતો રોગ
લાગુ પડવાની ધાસ્તી રહેતી નથી.

સ૦—મનની અશોઈ એટલે શું ?

જ૦—મનમાં જે ખરાબ વિચારો આવે તેને કાઢી
નાખીને તેને સાફ રાખવું.

સ૦—મનની સફાઇથી શું ફાયદો થાયછે ?

જ૦—ખરાબ કામનો અટકાવ થાયછે અને મનની
શાંતી રહેછે.

સ૦—મનની પુરી સફાઇ રાખવાના મૂખ્ય હોકમો
શું છે ?

જ૦—હુમત હૂખ્ત અને હવરશ્ત.

સ૦—હુમત એટલે શું ?

જ૦—સારા વિચાર.

સ૦—હૂખ્ત એટલે શું ?

જ૦—સારાં વચન.

સ૦—હવરશ્ત એટલે શું ?

જ૦—સારાં કામ.

સ૦—સારા વિચાર કરવા એટલે શું ?

જ૦—મનમાં સર્વેનું ભલુ ચાહવું; ચોખી ધાનત
રાખવી; દયાલુ થવું; સબુરી કરવી અને સં-
તોષ રાખવો ઇત્યાદિ.

સ૦—સારાં વચનો બોલવાં એટલે શું ?

જ૦—સાચુ બોલવું; સાચો કોલ આપવો અને પાલવો; સાચી સાક્ષી પુરવી; મધુર શબ્દો બોલવા; કોઈની ભલામન કરવી; સારી સલાહ આપવી અને આભાર માનવો ઈત્યાદિ.

સ૦—સારાં કામ કરવાં એટલે શું?

જ૦—ઉદ્યોગી થવું; પ્રમાણીકપણું રાખવું; પરોપકાર કરવો; અશક્ત માનસોનું રક્ષણ કરવું; ભલાં કામમાં મદદ કરવી; મેહમાનદારી કરવી; કરકસર રાખવી; ઇત્યાદિ.

સ૦—હુમત, હૂખ્ત અને હવર્શ્તને માટે બીજા શબ્દો આપો?

જ૦—મનશ્ની, ગવશ્ની અને કુનશ્ની.

સ૦—મનશ્ની, ગવશ્ની અને કુનશ્ની એટલે શું?

જ૦—ભલા વિચાર, ભલાં વચન અને ભલાં કામ.

સ૦—હુમત, હૂખ્ત અને હવર્શ્તથી ઉલટું શું છે?

જ૦—દુશ્મત, દુજુખ્ત અને દુજવર્શ્ત.

સ૦—દુશ્મત એટલે શું?

જ૦—ખરાબ વિચાર.

સ૦—દુજુખ્ત એટલે શું?

જ૦—ખરાબ વચન.

સ૦—દુજવર્શ્ત એટલે શું?

જ૦—ખરાબ કામ.

સ૦—તમો શા પ્રમાણે ચાલવાની કબુલાત આપોછો?

જ૦—અશોઇનાં કામો જે હુમત, હુખ્ત અને હવર્શ્તનાં છે તે પ્રમાણે ચાલવાની હું કબુલાત આપુંછું.

સ૦—તમો શા પ્રમાણે ચાલવાનો ધિક્કાર કરોછો?

જ૦—દુશ્મત, દુજુખ્ત અને દુજવર્શ્ત પ્રમાણે ચાલવાનો.

સ૦—દુશ્મત, દુજુખ્ત અને દુજવર્શ્તનો ધિક્કાર શા માટે કરોછો?

જ૦—એ પ્રમાણે ચાલવાથી માનસને સુખ મલતુંજ નથી અને તે દુઃખી થાય છે.

સ૦—હુમત, હુખ્ત અને હવર્શ્ત પ્રમાણે ચાલનારને શું ફાયદો થાયછે?

જ૦—તે પોતે સુખી થાય છે, લોકો તરફથી પ્યાર અને માન મેલવેછે અને પોતાના પેદા કરનાર ખોદાને રાજી રાખે છે.

સ૦—શા કારણસર ખોદાને રાજી રાખવો?

જ૦—કારણ તે આપણને પેદાકરનાર, જોઈતી વસ્તુઓ પુરી પાડનાર, સંભાલ કરનાર અને રક્ષણકર્તા છે.

સ૦—જે માનસ તે સાહેબને રાજી નહિં રાખે તે કેવું ગણાય?

જ૦—નગુંણું, નિમકહરામ અને જંગલી જાનવરો કરતાંબી ઉતરતું.

સ૦—માજદયસ્‌ની જરથોશ્તી ધર્મમાં ખોદાને શું કહેછે?

જ૦—અહુરમજદ.

સ૦—અહુરમજદ એટલે શું?

જ૦—સઘલી વસ્તુઓને જીવ આપનાર ઘણોજ ડહાપણવાલો સાહેબ.

સ૦—અહુરમજદ ક્યાં છે?

જ૦—તે સાહેબ બધે ઠેકાંણે હાજર છે.

સ૦—ત્યારે તમે તેને જોતા હશો?

જ૦—હું તેને જોઈ શકતો નથી પણ તે સાહેબ મને દર પલે જુવે છે.

સ૦—તમો તેને કાંય નહિં જોઈ શકતા?

જ૦—કારણ કે તે સાહેબને માનસ, જાનવર, ઝાડ-પાન અને બીજી કોઇબી વસ્તુનાં જેવું રૂપ, આકાર કે રંગ નથી.

સ૦—જ્યારે તે સાહેબ તમુને દર પલે જુવે છે ત્યારે જે કંઈ તમો વિચારો, બોલો અને કરો તેબી તે જાંણે?

જ૦—તે સર્વે શક્તિવાન સાહેબ બધુ જાંણે છે અને જેઓ સારાં કામ કરે છે તેઓથી તે રાજી રહે

છે અને તેઓને સુખ આપે છે પણ જેઓ ખરાબ કામ કરે છે તેઓથી તે નારાજ થાય છે અને તેઓને શીક્ષા કરે છે.

સ૦—અહુરમજદનો હરીફ અથવા દુશ્મન કોણ છે?

જ૦—અહુરમજદનો હરીફ અથવા દુશ્મન કોઈ નથી તેનો બરોબરીઓ તેમજ તેનો વીરૂદ્ધ બી કોઇ નથી.

સ૦—ત્યારે દુન્યામાં જે નાશ અને ખરાબી થાયછે તે કોણ કરે છે?

જ૦—જે કંઇ નાશ, દુઃખ અને ખરાબી થાયછે તે તે સાહેબના કાયદા પ્રમાણે બરાબર નહિં ચાલવાથી છે.

સ૦—ત્યારે માનસ તથા બીજાં જાનવરો મરી જાય છે અને ઝાડપાનો કરમાઇ તથા સુકાઇ જાયછે તે શાથી?

જ૦—માનસ, જાનવર વગેરે સર્વે વસ્તુઓને આએ દુન્યામાં સદા રેહવાને તે સાહેબે પેદા કર્યાં નથી.

સ૦—ત્યારે નાપાક શેતાંન અથવા હારેમન કોણ છે?

જ૦—નાપાક શેતાંન અથવા હારેમન જેવું કોઇ નથી. દુન્યામાં જેબી કંઇ થાયછે તે ખોદાનાં મુકરર કીધેલા કાયદા પ્રમાણે છે અને કેટલીક

વખતે તે કાયદા પ્રમાણે નહિં ચાલવાથી મા-
નસો નુકસાંનમાં આવી પડે છે.

સ૦—અહુરમજદનાં તરફની તમારી ફરજ શું છે ?

જ૦—તેજ એક સાહેબ દુન્યાની સર્વે વસ્તુઓને પેદા કરનાર અને ઘટતે વખતે કાયદાસર રીતે તે વસ્તુઓનો અંત લાવનાર છે એમ કબુલ રાખીને તેનીજ બંદગી કરવાની.

સ૦—બંદગી કરવી એટલે શું ?

જ૦—તે સાહેબે ફરમાવેલા હોકમો પ્રમાણે ચાલવું અને તે સાહેબ આપણા ઉપર જે ઘણા ઉપકારો કરે છે તેને માટે તેનો આભાર માનવો તથા વખાણ ગાવી.

સ૦—માનસનાં ગુજરી જવા પછી તેનું શું થાયછે?

જ૦—તેનાં શરીરનો નાશ થાયછે અને તેનું રવાંન અથવા આતમા જેને આપણ જોઇ શકતા નથી તે બીજી દુન્યામાં જાય છે.

સ૦—બીજી દુન્યામાં રવાંનનું શું થાય છે ?

જ૦—આએ દુન્યામાં કીધેલાં કામોને માટે તેને પુછવામાં આવે છે.

સ૦—તેનાં કામો વિષે તેને કોણ પુછનાર છે ?

જ૦—અહુરમજદ.

સ૦—અહુરમજદ તેનાં કામો વિષે પુછીને શું કરેછે?

જ૦—જો તે રવાંને આએ દુન્યામાં અશોઇનાં ભલાં કામો કીધાં હોયછે તો તેને બેહેશ્ત આપે છે.

સ૦—જો તે રવાંને અશોઇથી ઉલટાં અને ખરાબ કામો કીધાં હોય તો તેને શું કરે છે?

જ૦—તેને દોજખ આપે છે.

સ૦—બેહેશ્ત અને દોજખ શું છે?

જ૦—બેહશ્ત એ રોશનીવાલું અને સુખ આપનારૂં મકાન છે અને દોજખ એ અંધારાંવાલું અને દુ:ખ આપનારૂ ઠેકાંણું છે.

સ૦—માનસ કેવાં કામ કરી શકે?

જ૦—માનસની ફરજ તો એ છે કે તેણે હમેશાં સારાંજ કામો કરવાં પણ ઘણી વખતે સારાં અને ખરાબ બેઉ કામ તે કરેછે.

સ૦—તમારાથી જે ખરાબ કામો થાય તેથી થતાં પાપનું તારણ કરનાર કોણ છે?

જ૦—મારાં પાપનું તારણ કરનાર માત્ર અહુરમજદ છે.

સ૦—તમારાં પાપનું તારણ કેમ થઈ શકે?

જ૦—જો હું ખરાં મનથી મારાથી થયલાં પાપનો પસતાવો કરૂં અને ફરીથી તેવાં પાપ નહિં કરૂં તો અહુરમજદ મારૂં તારણ કરશે.

સ૦—બેહશ્ત અને દોજખ મેલવવાનો આધાર શાની ઉપર રહે છે?

જ૦—માનસની કરણી અથવા કામ ઉપરજ.

સ૦—તમારી પોતાની કરણી અથવા કામ સીવાય બીજાઓએ તમારે માટે કીધેલાં કામો તમુને મદદ કરશે કે?

જ૦—નહિં જી, આપણા જરથોશ્તી ધર્મમાં કહેલું છે કે—જેવી માનસની કરણી તેવીજ પાર ઉતરની.

સ૦—કરણી તેવીજ પાર ઉતરની એટલે શું?

જ૦—જે માનસ જેવાં કામ કરશે તેવો તેને બદલો મલશે. જો ભલાં કામ કરશે તો બેહશ્ત અને બુરાં કામ કરશે તો દોજખ તેને મલશે.

સ૦—તમારા ગુજરવા પછી તમારાં સગાંવાહાલાંઓ તમારે માટે સવાબનાં કામો કરે તે તમુને કામ આવશે કે?

જ૦—નાહિં જી, મારા પોતાને હાથે કીધેલાં કામ સીવાય બીજાં કોઇનાં કામ મને મદદ અને ફાયદો કરનાર નથી.

સ૦—હવે તમો કેહવો કે આજની ક્રિયામાં તમુને શું વસ્તુ આપવામાં આવશે?

જ૦—સદરો અને કુશ્તી.

સ૦—સદરો અને કુશ્તી તે શું?

જ૦—સદરો એક ચોકસ રીતનું પેહેરન છે અને કુશ્તી ધર્મ ઉપર મકમ રહેવાનો કમરબંધ છે

સ૦—સદરો શાનો બનાવવો જોઇયે ?

જ૦—રૂનાં સફેદ કપડાંનો.

સ૦—સફેદ કપડાંનો બનાવવાનું કારણ શું ?

જ૦—જેમ સફેદ કપડાં ઉપર દાધ પડે છે તે જણાઇ આવેછે અને તેને ધોઇને સાફ કરવાની અગત છે તેમ આપણાં મનમાંનાં ખરાબ વિચારોને દુર કરવાની અને શરીરનો મેલ કાઢવાની યાદ એ આપે છે.

સ૦—જરથોશ્તી તરીકે ઓલખાવા માટે સદરા ઉપર શું જોઈએ ?

જ૦—ગીરેબાંન જેને આપણે ગરીબાંન કહીએ છીએ.

સ૦—ગીરેબાંન તમુને શાંની યાદ આપે છે ?

જ૦—માજદયસ્ની જરથોશ્તી દીન ઉપર ભરોસો અને વિશ્વાસ રાખવાની.

સ૦—કુશ્તી શાંની બનાવામાં આવેછે ?

જ૦—મેંઢાંનાં ઉનનાં સુતરની.

સ૦—મેંઢાંનાં ઉનનાં સુતરની બનાવાનો સબબ શું ?

જ૦—મેંઢું જેમ નિર્દોષ છે ને કોઇને દુઃખ દેતું નથી તેમ કુશ્તી બાંધનારેબી નિર્દોષપણે રહીને કોઈનું દીલ દુઃખવવું નહિં.

સ૦—કુશ્તી ક્યાં બાંધવી જોઇએ ?

જ૦—કમર જે શરીરનો મધ્ય ભાગ છે તે ઉપર.

સ૦—કુશ્તી કમરે બાંધવાની મતલબ શું ?

જ૦—જેમ કમર શરીરનો મધ્ય ભાગ છે તેમ કુશ્તી બાંધનારે પોતાનાં કામમાં મધ્યમપણું રાખવું.

સ૦—કમર ઉપર કુશ્તીનાં કેટલા આંટા લેવા જોઇએ ?

જ૦—ત્રણ.

સ૦—એ ત્રણ આંટા શાંની યાદ આપે છે ?

જ૦—હુમત, હુખ્ત અને હુવર્શ્તનાં કામને યાદ રાખવાની.

સ૦—કુશ્તીની લરી કેટલી છે ?

જ૦—છ છે.

સ૦—છ રાખવાની મતલબ શું ?

જ૦—વરસનાં છ ગંભારમાં ભાગ લેવાની યાદ આપવાની.

સ૦—ગંભાર એટલે શું ?

જ૦—રતુઓમાં જે ફાયદા થાયછે તે માટે જરથોશ્તીઓએ સાથે મલી ખોદાનો આભાર માનવો.

સ૦—કુશ્તી બાંધતાં કેટલા ગાંઠ વાલવા ?

જ૦—ચાર, બે આગલ અને બે પાછલ.

સ૦—પેહલો ગાંઠ વાલતાં મનમાં શું વિચારવું ?

જ૦—દુન્યાંની બધી વસ્તુઓને પેદાકરનાર એકજ સાહેબ ખોદા છે.

સ૦—બીજે ગાંઠ વાલતાં શું વિચારવું?

જ૦—માજદયસ્નની જરથોશ્તી દીન ખરી છે અને તે ઉપર મારો ભરોસો છે.

સ૦—ત્રીજે ગાંઠ વાલતાં શું વિચારવું?

જ૦—અશો જરથોશ્ત સાચા પેગમ્બર છે.

સ૦—ચોથો ગાંઠ વાલતાં શું વિચારવું?

જ૦—સારાં કામ કરવાને બંધાંઉ છું અને બુરાંનો તિરસકાર કરૂંછું.

સ૦—કુશ્તી મોહડું હાથ ધોવા સાથ કેઇ કેઇ વખતે છોડીને પાછી બાંધવી?

જ૦—ઉંધમાંથી જાગરૂત થવા પછી, કુદરતી હાજતે જઇ આવ્યા પછી, ખાનું ખાવાની આગમચ, બંદગી કરવા આગમચ, અને ખરાબ વસ્તુ અથવા હવા શરીરનાં ભાગોને લાગવાની ધાસ્તી હોય તે વખતે.

સ૦—કુશ્તી બાંધવાની ક્રિયા કેમ કરવી જોઇએ?

જ૦—પેહલાં શરીરનાં ખોલા ભાગો મોહડું, હાથ અને પગ ધોઇને સાફ કરવા, પછી "કે મે ના મજદા" આખી પઢી રહીને કુશ્તી છોડવી,

હાથમાં કુશ્તી પકડીને 'અહુરમજદ ખોદાએ' પઢવી શરૂ કરવી અને 'ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ' પઢતાં તેને કમર ઉપર બાંધવાની શરૂ કરવી, બે 'યથા અહૂ વઇર્યો' પઢતાં આગલા બે ગાંઠ વાલવા, 'અષેમ્ વોહૂ' એક પઢતાં પાછલા બે ગાંઠ વાલવા અને 'મજદ-યસ્નો અહ્મી'નો કર્દો પઢવો.

સ૦—શરીરનાં ખુલ્લા ભાગો વારેઘડીએ ધોવાથી શું ફાયદો થાયછે?

જ૦—હવામાં જે ધુલ ઉડે છે તે ખુલા ભાગની ચા-મડીને ઘણી વખતે નુકસાંન કરે છે તેથી તેને ધોઇને સાફ રાખવાની ફરજ છે.

સ૦—હવે તમો આજથી કેવા થવાની કબુલાત આપો છો?

જ૦—હું કબુલાત આપું છું કે—૧. જગતને પેદા કરનાર અહુરમજદને માનનાર અને તેનીજ બંદગી કરનાર આજથી હું થઇશ. ૨. અશો જરથોશ્તને પેગમ્બર તરીકે હું કબુલ રાખીશ. ૩. માજદયસ્ની જરથોશ્તી ધર્મનાં ફરમાનો પ્રમાણે ચાલીશ. ૪. અશોઇ—સચ્ચાઇ, પર-માંણીકપણું, ઉદ્યોગ, પરોપકાર ઇત્યાદિ ની-તિગુણો પ્રમાણે વતશ. ૫. જુઠાઇ, આલ-

સાઇ, ચુગલી, નીંદા, અપ્રમાણીકપણું ઇ-
ત્યાદિ અવગુણોને હું ધિક્કારનાર થઇશ. ૬.
જે કાયદા અને રેવાજો જરથોશ્તી ધર્મથી
ઉલટા હોય તેને વગોવનાર થઇશ. ૭. માજ-
દયસ્નની લોકો ઉપર આવી પડતી આફતમાંથી
તેઓને છોડવવાની હું હમેશ કોશેશ કરીશ.
૮. જુઠા, ઠગારા, લુટારા, અને અધર્મીઓનો
હું સદા તિરસકાર કરીશ. ૯. અને બનતી
કોશેશથી ખરા જરથોશ્તીને ઘટે એવી રીતે
નીર્દોષપણે રહીને સારી જીંદગી હું ગુજારીશ.

નવજોત થતાં બાલક પાસે પઢાવવાનાં અવસ્તા.

અહુરમજદને માનવાનો એકરાર અને દીનની સ્તૂતિ.

ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ અષેમ્ વોહૂ ૧ ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-ત્કએષો હાવનેએ[1] અષઓને અષહે રથ્વે યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઓથ્રાઇચ ફ્રસસ્તયએચ સાવડ્હેએ વીસ્યાઇચ અષઓને અષહે રથ્વે યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઓથ્રાઇચ ફ્રસસ્તયએચ રજીશ્તયાઓ ચિસ્તયાઓ મજદધાતયાઓ અષઓન્યાઓ દએનયાઓ વડ્હુયાઓ માજદયસ્નોઇશ્ ક્ષનઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઓથ્રાઇચ ફ્રસસ્તયએચ યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રૂતે અથા રતુશ્ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીધ્વાઓ મ્રઓતૂ.

---

૧ બીજી જે ગેહ હોય તે પઢાવવી.

નીતિની પસંદગી અને અનીતિનો તિરસ્કાર.

ફ્રસ્તુયે હુમતોઇબ્યસ્ચા હુખ્તોઇબ્યસ્ચા હુ-વર્શ્તોઇબ્યસ્ચા માંથ્વોઇબ્યસ્ચા વખ્ેધ્વોઇબ્યસ્ચા વર્શ્તવોઇબ્યસ્ચા અઇબિગઇર્યો દઇથે વીસ્પા હુમતાચા હુખ્તાચા હુવર્શ્તાચા પઇતિ—રિચ્યા દઇથે વીસ્પા દુશ્મતાચા દુજૂખ્તાચા દુજવ-ર્શ્તાચા૦

ફ્રા વે રાહી અમેષા સ્પેન્તા યસ્નેમ્ચા વહ્મેમ્ચ ફ્રા મનઙ્હા ફ્રા વચઙ્હા ફ્રા શ્કયઓથ્ના ફ્રા અઙ્હાઓયા ફ્રા તન્વસ્ચીત્ ખ્ખ્યાઓ ઉશ્ત-નેમ્ સ્તઓમિ અષેમ્ અષેમ્ વોહૂ ૧

જરથોશ્તી તરીકેની કબુલાતો અને ફરજો.

નાઇસીમી દએવો ફ્રવરાને મજદ્યસ્નો જરથુ-શ્ત્રિશ્ વીદએવો અહુર—ત્કએષો સ્તઓતા અ-મેષનાંમ્ સ્પેન્તનાંમ્ યશ્તા અમેષનાંમ્ સ્પેન્ત નાંમ્ અહુરાઇ મજદાઇ વઙ્હવે વોહૂ મઇદે વીસ્પા વોહૂ ચિનૂહ્મી અષાઉને રએવઇતે ખ-

રેનઙ્હઇતે યા જી ચીચા વહિશ્તા યેઙ્હે ગાઉશ્ યેઙ્હે અષેમ્ યેઙ્હે રઓચાઓ યેઙ્હે રઓચેબીશ્ રેઇથ્વેન્ ખ્શાથ્રા૦ સ્પેન્તાંમ્ આ-ર્મેઇતીમ્ વઙ્ઉહીમ્ વરેને હા મોઇ અસ્તૂ૦ ઉસ્ ગેઉશ્ સ્તુયે તાયાઅત્યા હજઙ્હત્યા ઉસ્ માજદયેસ્નિનાંમ્ વીસાંમ્ જ્યાનયએચા વીવા-પત્યા૦ ક્રા મનએઇબ્યો રાઓઙ્હે વસે–યાઇ-તીમ્ વસે--ષેઇતીમ્. યાઇશ્ ઉપઇરિ આય જેમા ગઓબીશ્ શ્કયન્તી નેમઙ્હા અષાઇ ઉજદાતા પઇ-તી અવત્ સ્તુયે નોઇત્ અહ્માત્ આજ્યાઓનીમ્ નોઇત્ વીવાપેમ્ ખ્શ્તા માજદયસ્નીશ્ અઓઇ વીસો નોઈતૂ અસ્તો નોઇત્ ઉશ્તાનહે ચિન્માની૦ વી દએવાઇશ્ અધાઇશ્ અવઙ્હૂશ્ અનરેતાઇશ્ અકા–દાબીશ્ સરેમ્ મ્રુયે હાતાંમ્ દ્રઓજી-શ્તાઇશ્ હાતાંમ્ પઓષિશ્તાઇશ્ હાતાંમ્ અવ-ઙ્હુતેમાઇશ્ વી દએવાઇશ્ વી દએવવત્બીશ વીયાતુશ્ વી યાતુમત્બીશ્ વી કહ્યાચીત્ હા-તાંમ્ આતરાઇશ્ વી મનેબીશ્ વી વચેબીશ્ વી શ્કયઓથ્નાઇશ્ વી ચિથ્રાઈશ્ વી જી અના સરેમ્ મ્રુયે યથના દ્રેગ્વાતા રાંક્ષયન્તા૦ અથા અથા ચોઇત્ અહુરો મજદાઓ જરથુ-શ્ત્રેમ્ અધા ક્ષયએતા વીસ્પએષૂ ક્રષ્નએષૂ વીસ્પએષુ

હન્જમનએષૂ યાઇશ્ અપેરેસયતેમ્ મજદાઓ-
સ્ચા જરથુશ્ત્રસ્ચા૦ અથા અથા ચોઇત્ જ-
રથુશ્ત્રો દએવાઇશ્ સરેમ્ વ્યામ્રવીતા વીસ્પ-
એષૂ ફ્રશ્નએષૂ વીસ્પએષૂ હન્જમનએષૂ યાઇશ્
અપેરેસયતેમ્ મજદાઓસ્ચા જરથુશ્ત્રસ્ચા૦ અથા
અજ્જમ્ચીત્ યો મજદયસ્નો જરથુશ્ત્રિશ્ દએ-
વાઇશ્ સરેમ્ વીમ્રુયે૦ યથા અનાઇશ્ વ્યા-
મ્રવીતા યે અષવા જરથુશ્ત્રો૦ યાવરનાઓ
આપો યાવરનાઓ ઉર્વરાઓ યાવરના ગાઉશ્
હુધાઓ યાવરનો અહુરો મજદાઓ યે ગાંમ્
દધા યે નરેમ્ અષવનેમ્ યાવરેનો અસ જ-
રથુશ્ત્રો યાવરેનો કવા વીસ્તાસ્પો યાવરના ફ્ર-
ષઓશ્ત્રા જમાસ્પા યાવરેનો કસ્ચીત્ સઓ-
શ્યન્તાંમ્ હઇથ્યા-વરેજાંમ્ અષઓનાંમ્ તાવરે-
નાચા ત્કએષાચા૦

માજદયસ્ની દીનની પસંદગી.

મજદયસ્નો અહ્મી મજદયસ્નો જરથુશ્ત્રીશ્
ફ્રવરાને આસ્તૂતસ્ચા ફ્રવરેતસ્ચા આસ્તુયે હુ-
મતેમ્ મનો આસ્તુયે હુખ્તેમ્ વચો આસ્તુયે
હ્વર્શ્તેમ્ શ્કયોથનેમ્૦ આસ્તુયે દએનાંમ્ મા-
જદયસ્નીમ્ ફ્રસ્પાઓખેધ્રાંમ્ નિધા–સ્નઇથિષેમ્
ખએત્વદથાંમ્ અષઓનીમ્ યા હાઇતિનાંમ્ચા
બૂષ્યેઇન્તિનામ્ચા મજીશ્તાચા વહિશ્તાચા સ્ર-
એશ્તાચા યા આહૂઇરિશ્ જરથુશ્ત્રીશ્૦ અહુરાઇ
મજદાઇ વીસ્પા વોહૂ ચિનહ્મી૦ અએષા અ-
સ્તૂ દએનયાઓ માજદયસ્નોઇશ્ આસ્તૂઇતિશ્
અષેમ્ વોહૂ. ૧

જરથોશ્તી તરીકેની બંદગી.

વસસ્ચ તૂ અહુર મજદ ઉશ્તાચ ખ્શએશ હુવનાંમ્ દામનાંમ્ વસો આપો વસો ઉર્વરાઓ વસો વીસ્પ વોહૂ અષચિથ્ર ક્ષયમ્નેમ્ અષવનેમ્ દાયત અક્ષયમ્નેમ્ દ્રવન્તેમ્૦ વસોક્ષથ્રો ખ્યાત્ અષવ અવસો-ક્ષથ્રો ખ્યાત્ દ્રવાઓ ગતો હમિસ્તો નિજ઼્બેરેતો હચ સ્પેન્તહે મઇન્યેંઉશ્ દામબ્યો વરતો અવસો-ક્ષથ્રો૦ હક્ષ્ય અજ઼ેમ્ચિત્ યો જરથુશ્ત્રો ફ્રતેમાંન્માનનાંમ્ચ વીસાંમ્ચ જન્તુનાંમ્ચ દખ્યુનાંમ્ચ અહ્વાઓ દએનયાઓ અનુમતયએચ અનુખ્તયએચ અન્વર્શ્તયએચ યા આહૂઇરિશ્ જરથુશ્ત્રિશ્૦

યથ નો આઓહ્વાંમ્ શકાતો મનાઓ વહિશ્તો ઉર્વાનો ખાથ્રવઇતીશ્ તન્વો હેન્તો વહિશ્તો અહ્વેઉશ્ આકાઓસ્ચોઇત્ આહૂઇરે મજદ જસેન્તાંમ્૦

અષ વહિશ્ત અષ સ્રએશ્ત દરેસામ થ્વા પઈરિ થ્વા જમ્યામ હમેમ્ થ્વા હખ્મ૦ અષેમ્ વોહૂ. ૧

નવજોત થતાં બાલકે અહુરમજદને માંનવાનો ઇકરાર, દીનની સ્તૂતિ, નીતિની પસંદગી અને અનીતિનો તિરસ્કાર, જરથોશ્તી તરીકેની કબુલાત, દીનની પસંદગી અને બંદગી અવસ્તા ભાષામાં કીધી તેનો ખુલાસો ક્રિયા કરનાર અથોરનાને બાલકને સંભલાવવો.

અત્રે ભેગાં મલેલાં બાનુઓ અને ગ્રહસ્થોની હજુરમાં, અહુરમજદને માંનવાનો ઇકરાર, દીનની સ્તૂતિ, નીતિની પસંદગી અને અનીતિનો તિરસ્કાર, જરથોશ્તી તરીકેની કબુલાત, દીનની પસંદગી અને બંદગી અવસ્તા ભાષામાં તમોએકીધી તેનો ખુલાસો આપણી ચાલુ ભાષામાં હું કહું છું તે સાંભલોઃ—

તમો જગતકર્તા અહુરમજદની પૂજા અને બંદગી કરનાર, અશો જરથોશ્તનાં ફરમાનો પ્રમાણે ચાલનાર, બુરા માનસો અને નુકસાંન કરનારી વસ્તુઓથી દુર રેહનાર અને કુદરતના કાયદા પ્રમાણે ચાલનાર થવાનો આજથી ઇકરાર કરો છો.

આજ દીને હાવન ગેહનાં[1] વખતમાં અહુરમજદને ખુશાલ કરવા સારૂં સત્યતા શિખવનારી, ડહાપણ આપનારી, માહાજ્ઞાની ખોદાનું સ્મરણ કરાવનારી, પવિત્રાઇ દેખાડનારી ભલી "મજદયસ્ની દીનની" વખાણ, સ્તૂતિ અને પ્રખ્યાતી કરનાર થવાને તમો પોતાને જાહેર કરો છો.

તમારા ભલા વિચાર, ભલાં વચન અને ભલાં કામોની મારફતે બીજાઓનાં નેક વિચાર, વચન અને કામની સ્તૂતિ કરવાને કબુલ થાઓ છો; મનશ્ની, ગવશ્ની અને કુનશ્ની પ્રમાણે ચાલવાની પસંદગી બતાવો છો અને બુરા વિચાર, બુરાં વચનઅને બુરાં કામને તિરસ્કાર સાથ તજી દેવાને કબુલ થાઓ છો.

તમારી મનશ્ની, ગવશ્ની, કુનશ્ની અને અંતઃકરણથી બેમર્ગ રહીને દુન્યાંની આબાદી કરનાર અમશાસ્પંદો—ખોદાઇશક્તિઓ—ની સ્તૂતિ અને વખાંણ કરવાને તૈયાર થાઓ છો.

જે વસ્તુ જરથોશ્તી ધર્મને નુકસાંન કરનારી અને જે રીતોઓ નીતિનાં તરીકાથી જુદી છે તેને આજથી વગોવવાને અને તેનાં ખરાં રૂપમાં જાહેર કરવાને કબુલ થાઓ છો; તમે માજદયસ્ની ધર્મને સ્વીકારો છો અને અશો જરથોશ્તનાં ચેલા

---

૧ જે ગેહે હોએ તેનું નામ જણાવવું.

થવાને પસંદ કરો છો; દેવપરસ્તીનો તિરસ્કાર કરો છો અને અહુરમજદની બંદગી તથા ભક્તિ કરવાનો વચન આપો છો; બેમર્ગ રહીને દુન્યાની આબાદી કરનારી ખોદાઇ શક્તિઓ—અમસાસ્પંદો—ની સ્તૂતિ અને વખાંણ કરનાર થવાની ઇચ્છા જણાવો છો; સઘલી વસ્તુઓ ગાવ ગોસ્પંદ, અનાજ, સુખકારક રોશની વગેરે—જે તમો હમણાં ભોગવો છો અને હવે પછી ભોગવશો તેનો પેદા કરનાર અહુરમજદ છે એવું તમો માંનનાર થયા છો; અહુરમજદનાં હોકમોને તાબેદારીથી માન આપવાને કબુલ થાઓ છો; તમારામાં તાબેદારી અને ડહાપણનો ગુણ આવે એવી દોવા તમો માંગો છો; માજદયસ્ની લોકોની માલ મીલકતને ચોર તથા લુટારાઓથી બનતી કોશેશે બચાવાની કબુલાત તમો આપો છો; માજદયસ્નાંનોનાં મોહલાઓને આવી પડતી આફત અને નુકસાંનીમાંથી બચાવાને બંધાઓ છો; માજદયસ્નાંનોને કોઇબી રીતની અડચણ અને નુકસાંન નહિં કરવાને તમો કોલ આપો છો; ખરાબ, જુઠા, અને ઠગારા લોકોની તાબેદારી કરવાને ના પાડો છો; હૈયાતી ભોગવનારાઓમાં ઘણાજ ભુંડા, ઘણાજ ગલીચ, ભલાઇ વગરનાં, વેહેમનો વધારો કરનાર અને એવા

બીજાં બદ કામ કરનારાઓને મનશ્ની, ગવશ્ની અને કુનશ્નીથી ધિક્કારવાની તમારી ફરજ સમજો છો. જે પ્રમાણે અહુરમજદ અને જરથોશ્ત વચ્ચે વાતચીત થઇ હતી અને અહુરમજદે જરથોશ્તને ફરમાવ્યું હતું કે ઓ જરથોશ્ત! તું દેવોની સરદારી તજી દે, અને જે પ્રમાણે જરથોશ્તે દેવોની સરદારીનો તિરસ્કાર કર્યો હતો તેજ પ્રમાણે તમો જે માજદયસ્નની જરથોશ્તી થયા છો તે બુરા લોકોની સરદારી નીચે રેહેવાનો ધિક્કાર બતલાવો છો; જે હમેશનાં ઠેરવી આપેલા માર્ગ ઉપર તમામ-કુદરત—પાંણી, ઝાડપાન ઈત્યાદિ—ચાલે છે, જે રીતી ગોસ્પંદ, માંનસ ઇત્યાદિને પેદાકરનાર અહુરમજદને પસંદ છે, જે નીતિ અને મજહબ અશો જરથોશ્તનાં હતાં, જે નીતિ અને મજહબ પાદશાહ ગુસ્તાસ્પનાં હતાં, જે મજહબના ફરશોસ્તર અને જામાસ્પ હતા, જે મજહબના બીજા ભલા અને ફાયદો કરનાર શક્શો હતા અને હાલમાં છે તેજ તરીકા, રીતી અને મજહબના તમે આજથી થવા માગો છો; તમે માજદયસ્નની જરથોશ્તી છો; નેક વિચાર, નેક વાણી, અને નેક કરણી સાથે આજથી માજદયસ્નની જરથોશ્તી દીન ઉપર ભરોસો લાવનાર અને ઇમાન રાખનાર થયા છો; માજદયસ્ની

દીનની તારીફ઼ કરવાની તમે ફ઼રજ સમજો છો; જે દીનમાં તકરાર ઉઠાવવા અને હથીઆરોનો ઉપયોગ કરવા જોગ વાંધા ભરેલી બાબતો નથી; જે દીન એક બીજા સાથે દોસ્તી અને સલાહથી રેહેવાને શિખવે છે, અને જે અહુરમજદી અને જરથોશ્તી દીનને નામે ઓળખાય છે તે દીન બીજી બધી દીનો કરતાં શ્રેષ્ટ છે. અને છેલે તમો એવું ઈચ્છો છો કે માજદયસ્ની જરથોશ્તી દીનની વખાંણ અને કાયમી હમેશાં ચાલુ રહે તે તમારી ઇચ્છા પાર પડો. આમીન!

ઉપલી કબુલાતો અને ઇકરાર કરવા પછી અહુરમજદની જે બંદગી તમે કીધી તેનો ખુલાસો હું તમુને કહું છું તે સાંભળો:—

તમોએ બંદગી કીધી કે ઓ અહુરમજદ! તારી પેદાયશો જેવી કે પાંણી ઝાડપાંન વગેરેની સધલી વસ્તુ ઉપર હમેશ સુધી તારૂં રાજ કાયમ રહો!

ઓ દાદાર! સચાઈ તથા પવિત્રાઇથી ચાલનારાઓને તું સ્વતંત્ર કર અને બુરાઇ, જુઠાઇ, તથા અપવિત્રાઇથી ચાલનારાઓને તું સ્વતંત્ર મા કર! ઓ ખોદા! તું એવું કર કે અશોઇ પ્રમાણે ચાલનારા દુન્યામાં પોતાની મરજી માફ઼કનું કામ કરનાર થાય; અને બુરાઇ તથા જુઠાઇ વગેરેનો

ફેલાવો કરનારા પોતાની ઇચ્છામાં નીરાસ થયલા તથા દુન્યાની ભલી પેદાયશમાંથી હાર પામેલા થઇને નાબુદ થાય ! આએ દીન જે માજદયસ્નની જરથોશ્તી છે તેના વિચાર, વચન અને કરણી પ્રમાણે ચાલવાની હું જે જરથોશ્તી છું તે ઘરના, મોહલ્લાના, ગામના, અને દેશના સરદારોને ભલા મણ્ કરતો રેહેવશ અને વળી હું એવું ઇછું છું કે અમો જે હૈયાત જરથોશ્તીઓ છઇએ તેઓનું મન ભલાં કાંમ કરવાથી ખુશાલી ભરેલું અને રવાન બેહેસ્તને લાયકનું થાઓ ! કારણ્ કે અહુરમજદને લગતાં મકાન ગરોથમાનમાં પોંહચનાર પેગંબરની ગવાહીથી જણાયલું છે કે બેહેસ્તને લાયક માનસનું તન હમેશાં ખુશાલીભરેલું હોય છે.

ઓ અહુરમજદ ! સચ્ચાઇ સર્વોત્તમ છે, અને સચ્ચાઇ સર્વમાં મોટો દરજ્જો ભોગવે છે, માટે અમે જરથોશ્તીઓ ઇચ્છીએ છીએ કે સચ્ચાઇની મારફતે અમે તુંને જોવાને શક્તિવાન થઇએ, અમે તુંને પોંહોંચીએ અને તારી દોસ્તી મેળવ્યે. આમીન !

અષેમ્ વોહૂ.

અષેમ્ વોહૂ વહિશ્તેમ્ અસ્તી. ઉશ્તા અસ્તી. ઉશ્તા અહ્માઇ હ્યત્ અષાઇ વહિશ્તાઇ અષેમ્૦

અષેમ્‌નો ખુલાસો.

અશોઇ[1] સર્વોત્તમ ગુણ છે, એથી સુખ મલે છે અને જે માનસ અશોઇનાં ઉત્તમ કામો કરે છે તેનેજ સંપૂર્ણ સુખ મલે છે.

અહુનવર. (યથા અહૂ વઇર્યો.)

યથા અહૂ વઇર્યો અથા રતુશ્ અષાત્ચીત્ હચા. વન્ઘેઉશ્ દજદા મનન્ઘો શ્કયઓથ્નનાંમ્ અન્ઘેઉશ્ મજદાઇ ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ યિમ્ દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ્૦

અહુનવરનો ખુલાસો.

જેમ પાદશાહ સ્વતંત્રપણે પોતાની ઇચ્છા પાર પાડે છે તેમજ સત્ય માર્ગ ઉપર ચાલનારા ધર્મી માનસ અશોઇને લીધે પોતાની મરજી મુજબ કામ કરી શકે છે; સારા વિચારથી કરવામાં આવતાં કામોનો બદલો જીંદગીમાં મલે છે; અને જે માનસ

---

૧ જુવો અશોઈની સમજણ સફે ૬ અને ૭ મે.

અશક્ત તથા નાચાર માનસોનું રક્ષણ કરે છે તે માહાજ્ઞાની સાહેબ ખોદાને પાદશાહ તરીકે ગણેછે. (એટલે કે સ્વતંત્ર થવા માટે અને ઇચ્છા પૂર્ણ કરવા સારૂં અશોઇ પ્રમાણે ચાલવાની જરૂર છે; સારાં કામનો હમેશ લાભ મલે છે અને સખાવત કરવી ખોદાતાલાને પસંદ છે.)

કેં મેં ના મજ્દા.

કેં મેં ના મજ્દા મવઈતે પાયૂમ્ દદાત્.
હ્યત્ મા દ્રેગ્વાઓ દીદરેષતા અએનડ્હે.
અન્યેંમ્ થ્વહ્માત્ આથ્રસ્ચા મનડ્હસ્ચા.
યયાઓ શ્કયઓથ્નાઇશ્ અષેમ્ થ્રઓશ્તા અહુરા
તાંમ્ મોઇ દાંસ્ત્વાંમ્ દએનયાઇ ફ્રાવઓચા૦

કેં વેરેથ્રેમ્ જા થ્વા પોઇ સેંન્ગહા યોઇ હેન્તી·
ચિથ્રા મોઇ દાંમ્ અહૂબિશ્ રતૂમ્ ચીઝ્દી.
અત્ હોઇ વોહૂ સ્રઓષો જન્તૂ મનડ્હા.
મજ્દા અહ્માઇ યહ્માઇ વષી કહ્માઇચીત્.
પાત–નો ત્બિષ્યન્તત્ પઇરિ મજ્દાઓસ્ચ આર્મઇતિશ્ચ સ્પેન્ત. નસે દએવો–દ્રુખ્શ્ નસે દએવોચિથ્રે નસે દએવો–ફ્રકર્શ્તે નસે દએવો–

ફ્રદાઇતે. અપ દુખ્શ્ નસે અપ દુખ્શ્ દ્વાર અપ દુખ્શ્ વીનસે અપાખ્ધ્ર અપ–નસ્યેહિ મામેરે-ન્ચઈનીશ્ ગએથાઓ અસ્ત્વઇતીશ્ અષહે૦ નેમસ્ચા યા આર્મઈતીશ્ ઇજાચા અષેમ્ વોહૂ ૧

કેં મેં ના મજદાનો ખુલાસો.

ઓ માહાજ્ઞાની સાહેબ! જ્યારે બુરાઓ કિના ભરેલી નજરે મારા તરફ જુવે ત્યારે કયો માનસ મારૂં અને મારે લગતાઓનું રક્ષણ કરશે? તું મારો સદાનો રક્ષણ કર્તા છે પણ તારા સીવાય બીજા મદદગાર મારી કામ કરવાની ઉલટ અને ભલી વિચાર શક્તિ છે, જે બેઉ શક્તિઓ પ્રમાણે કામ કરવાથી ઓ અહુરમજદ! અશોઇનો વધારો થાય છે, માટે ઓ સાહેબ! મારાં અંતઃકરણની પવિત્રાઇસારૂં ભલાં કામ કરવાની ઉલટ અને ભલી વિચાર શક્તિનું જ્ઞાન તું મને શિખવ૦

કોણ શત્રુને મારનાર છે? ઓ સાહેબ! તારી સંભાળ અને તારી શીખામણ. ઓ દાદાર! તું મને જાહેર રીતે બેઉ દુન્યાસારૂં સિધ્ધો અને રાસ્ત માર્ગ બતાવ. ઓ માહાજ્ઞાની! જે કોઇ માનસ ઉપર તારી કૃપા અને મેહેર ઉ-

તરે છે તેનાં ઉપર ભલા વિચાર સાથની કુદરતને સમજવાની શક્તિ ઉતરે છે માટે તું મારા ઉપર કૃપા કર.

ઓ અહુરમજદ! અને સ્પેન્ત આર્મઇતિ! (આબાદી અને ડહાપણ શિખવનારી ખોદાઇ શક્તિ) તમે દુઃખ અને દ્વેશથી અમારૂં રક્ષણ કરો! દેવોથી પસરતી ખરાબી જડમુળથી નાશ પામો! ગલીચી, ગંધવાત અને જેહરી તત્વો દુર થાઓ! જુઠાઇ દફે થાઓ! જુડાઇનો ફેલાવો અટકી પડો! જેથી અશોઇ સાથ જીંદગી ગુજારનારાં સુખમાં રહે૦

ભલી તાબેદારી અને આબાદીને નેમાંજ હોજો.

અહુરમજદ ખોદાએ.

અહુરમજદ ખોદાએ આહેરેમન્ અવાદશાંન્ દૂર અવાજ્‌—દાશતાર. જદ શેકસ્તેહ બાદ્ આહેરેમન્ દેવાન્ દ્રુજાંન્ જાદૂઆંન્ દર્વદાંન્ કીકાન્ કરફાંન્ સાસ્તારાંન્ ગુનાહગારાન્ આશમોગાંન્ દરવંદાંન્ દુશમનાંન્ ફ્રીઆંન્ જદ શેકસ્તેહ બાદ્ દુશ્ પાદશાંહાંન્ આવાદશાંન્ બાદ્ દુશમનાં સતોહ બાદ દુશમનાં અવાદશાંન બાદ૦

અહુરમજદ ખોદાએ એજ્ હમા ગુનાહ પ-
પતેત પશેમાન—હોમ્ એજ્ હર્વસ્તીન્ દુશ્મત
દુજૂખ્ત દુજવર્શ્ત મેમ્ પ ગેતી મનીદ્ ઓઇમ્
ગોફ્ત્ ઓઇમ્ કર્દ ઓઇમ્ જસ્ત્ ઓઇમ્ બુન્
બૂદ્ એસ્તેદ્ એજ્ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની
કુનશ્ની તની વ રવાની ગેતી મીનોઆંની ઓખે
અવાખ્શ્ પશેમાંન્ પસે ગવશ્ની પ પતેત હોમ્૦

ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ તરોઇદીતે અ-
ડ્રહે મઇન્યેંઉશ્ હઇથ્યા વર્શ્તાંમ્ હ્યત્ વસ્ના
ક્ષ્થ્રેપાતેમેમ્. અષેમ્ વોહૂ ૧.

અહુરમજદ ખોદાએનો ખુલાસો.

ખોદા મોટા સાહેબ છે અને તે ખરાબ હ-
કુમતવાલા બદકારોને તેઓનાં કામમાં અટકા-
વનાર છે; બુરા વિચારવાલા મરાએલા અને હાર
પાંમેલા થાઓ! દેવો, જુઠાઓ, ઠગાઈ કરનારા,
નજીસાતવાલા, ધર્મની બાબતને નહિં જોઈ શ-
કનારા અને નહિં સાંભલનારા, જુલમગારો,
પાપીઓ, અશોઇને તજી દેનારા, દુશ્મની કર-
નારા, ઇત્યાદિઓ મરાએલા અને હાર પામેલા
થાઓ! ઇઆને તેઓ પોતાનાં કામમાં નિષ્ફલ
થાઓ! બુરા પાદશાહો નાબુદ થજો! શત્રુઓ
આજેજ થયલા થઇને નાશ પાંમો!

ઓ ખોદાતાલા ! સઘલાં પાપોનો પશ્ચાતાપ કરી તેઓથી હું પાછો ફરૂં છું; સઘલા બુરા વિચારો, બુરાં વચનો અને બુરાં કામો, જે મેં આઓ દુન્યામાં વિચાર્યાં હોય, જે હું બોલ્યો હોવું, જે મેં કીધાં હોય, જે મારાથી ઉત્પન્ન થયાં હોય અને જેની શરૂઆત મેં કીધી હોય તે સર્વ વિચારને લગતા, વચનને લગતા, કરણીને લગતા, શરીરને લગતા અને આત્માને લગતા, આઓ અને પેલી દુન્યાને લગતા ગુનાહો માટે ઓ ખોદા ! તું મને માફ કર ; ત્રણ વચનો ઇઆને મનશ્ની, ગવશ્ની અને કુનશ્નીથી તેઓ વિષે પશ્ચાતાપ કરી તે પાછાં નહિં કરવાને હું કબુલાત આપું છું.

જાહેર કામ કરનારા સત્યવાદી પુરૂષોની મુરાદ એવી છે કે ગનામીનોનાં (બદીનાં) કામોનો તિરસ્કાર કરવામાંજ અહુરમજદની ખુશાલી સમાએલી છે–તે (મુરાદ) ઘણી ઉત્તમ છે૦

જસ મે અવઙ્હે મજદ.

જસ મે અવઙ્હે મજદ. મજદયસ્નો અહ્મી મજદયસ્નો જરથુશ્ત્રિશ્ ફ્રવરાને આસ્તૂતસ્ચા ફ્રવરેતસ્ચા આસ્તુયે હુમતેમ્ મનો આસ્તુયે હુખ્તેમ્ વચો આસ્તુયે હવર્શ્તેમ્ શ્કયોથનેમ્. આસ્તુયે દએનાંમ્ વઙ્હુહીમ્ માજદયસ્નીમ્ ફ્રસ્પાયઓખેધ્રાંમ્ નિધા-સ્નઇથિષેમ્ ખએત્વદ-થાંમ્ અષઓનીમ્ યા હાઇતિનાંમ્ચા બૂષ્યેઇ-ન્તિનાંમ્ચા મજીશ્તાચા વહિશ્તાચા સ્રએશ્તાચા યા આહૂઇરિશ્ જરથુશ્ત્રિશ્ અહુરાઇ મજદાઇ વીસ્પા વોહૂ ચિનહ્મી. અએષા અસ્તૂ દએ-નયાઓ માજદયસ્નોઈશ્ આસ્તૂઇતિશ્. અષેમ્ વોહૂ. ૧

જસ મે અવઙ્હે મજ્દનો ખુલાસો.

ઓ માહાજ્ઞાની સાહેબ તું મારી મદદે પોંહોંચ! કારણ તું માહાજ્ઞાનીની પૂંજા કરનાર હું છું. દીલમાં ધર્મનું ઇમાન લાવનાર અને તેનાં ઉપર વિશ્વાસ રાખનાર થઇને અશો જરથોશ્તનાં શિખવ્યા પ્રમાણે માહાજ્ઞાની સાહેબને પૂંજવા-નો જાહેર ઇકરાર કરૂં છું. સારા વિચાર, ભલાં

વચન અને રૂડાં કામોની હું તારીફ કરૂ છુ; તકરારને દુર કરનારી (ઇચ્આને તકરારમાં ખોટી નહિં પડે એવી) હથીયારનો ઉપયોગ નહિં કરાવનારી (ઇચ્આને કજીઆ કંકાસને દુર કરનારી) દોસ્તી અને સલાહથી રહેવાને શિખવનારી અને પવિત્ર તથા ભલી માજદયસ્ની દીનની હું વખાંણ કરૂં છું. એ દીન બીજી જે હાલમાં છે અને હવે પછી જે થશે તે દીનોમાં સર્વોત્મ છે અને એ અહુરમજદની અને જરથોશ્તની દીનને નામે ઓલખાય છે. સઘલી વસ્તુઓ અહુરમજદની છે એમ હું કબુલ કરૂ છું. એ પ્રમાણે માજદયસ્ની દીનની વખાંણ સદા થાઓ! આમીન!

દસ્તુર સાહેબ પે૦ બે૦ સંજાણાએ આએ ચોપાંન્યાં સાંમે કીધેલી વઆજનો જવાબ.

રાસ્ત ગોફતાર

(તા૦ ૧૪ મી નવેમબર ૧૮૮૬.)

સાહેબ, મરહુમ શેઠ હોરમજજી બેહમનજી વાહાડીઆજીનાં આતશબેહરાંમની સતાવણમી મુબારેક સાલગરેને દીવસે, જશનની ક્રીયા પુરી થવા પછી તે મકાનનાં વડા દસ્તુર સાહેબ પેશોતનજી બેહરાંમજી સંજાંણાંએ ઘણે વરસે નવજોત ક્રિયા ઉપર વાઆજ કીધી હતી. જ્યારે આતશબેહરાંમમાં ફકત સરઅવસર સીવાએ આવવાની લોકલાગણી કમતર થતી જાય છે તયારે લોક મનહરણ બાબતો છોડી દઇ એક તકરારી બાબત હાથ ધરવાને સાલગરે જેવા સુભ દીવસે દસ્તુરજીને કેમ ફરજ થઇ પડી તે સમજ પડતી નથી. પણ દસ્તુરજી તેનો ખુલાસો એવો કરે છે કે હાલમાં કેટલાક જરથોસ્તીઓને તયાં તેઓનાં બચાંઓને શુદરે કુસ્તી પેહડાવાની ક્રીયામાં **સુધારાને નાંમે કેટલીક ક્રીયાઓ ફેરફાર રીતે કરવામાં આવે છે, બચાંને નીરંગદીન પાતા નથી, પતેત કરાવતા નથી, દીનનાં કલમાંને બદલે ઇજીશનેનો બારમો હા બચાં પાસે પઢાવે છે ઇતયાદી.** એ વીશે ઘણે ઠેકાંણેથી તેવણનું મત પુછવામાં આવયું હતું તે સઘલાઓને જવાબ વાલવા કરતાં આવી જાહેર તક હાથ ધરવી તેવણે દરૂસ્ત વીચારી હતી. જો કે વરતમાંન પત્રોની મારફતે આ જવાબ આપવાની તક સચવાઇ શકતે. આવી

તકરારી બાબતો ઉપર એકથી વધુ વખત આગલાં વરસો ઉપર દસ્તુર સાહેબને સવાલો પુછવામાં આવયા છે પણ તેમાં એવને પોતાની સાંમેલગીરી આપી નથી એ વાત જાણીતી છે.

આ સુભ પ્રસંગે માતબર તેમજ કેલવાએલા અને ગરીઓ વચે એકસંપીપણું જલવાએ એવી કોઈ તદબીર ભરી વાઆજની અગત વખતે ટોલાંમાં એક યા બીજી તડના વીચારોને પુશટી આપવા બાહેર પડવામાં દસ્તુરજી સાહેબે મારા વીચાર પ્રમાંણે તે સુભ તાંકનાંનો સરસ લાભ સાચવયો નથી. પણ એવણના વીચાર ઉપર કોઇનો અખતીઆર નથી.

આ નવજોતની ક્રીયા વીશેનું એક ચોપાંન્યું થોડો વખત થયો મેં છપાવી પ્રગટ કીધું છે અને તેમાં કેટલોક ઘટતો સુધારો સુચવયો છે જેની ઉપર તમારાં પત્રમાં ટીકા થઇ ચુકા છે અને તમોએ તે ચોપાંન્યાંમાં સુચવેલી સુચના બાહાલ રાખી છે તેની ઉપર દસ્તુરજી સાહેબે પોતાનાં ટીકા જાહેરમાં મુકવાની આ તક લીધેલી લાગે છે.

એ વાઆજમાં સમાએલી સરવ બાબતોનો જવાબ હું હાલ તુરત આપવા માંગતો નથી પણ તે માંહેલી ચોકસ બાબતો ઉપર હું મારો વિચાર જણાઉ છું. મેં મારાં ચોપાંન્યાંમાં **નીરંગ પાવાનું** ફ્રરમાંન ધરમ પુસ્તકમાં કેથે નથી એવું કહ્યું છે તેની સાંમણે દસ્તુર સાહેબ કહે છે કે "નીરંગદીન પાવાનો **રવઇઓ** આપણી **દીનનાં ફરમાન મુજબ** આજ ૧૨૦૦ વરસની આગમચ ઇરાંનમાં ચાલતો હતો." નીરંગ **પાવા** બાબે **રવઇઓ** સીવાએ અવસ્તા અને તે પછીની લખાએલી કેતાબોમાંથી કોઇબી સાહાદત એવણે આપી નથી તોપણ "દીનનાં

ફરમાંન મુજબ" કરી બોલો વાપડીઆ છે! જો ફરમાન હોય તો કેટલીક બાબતોમાં નીરંગ લગાડવાનું ફરમાંન એવણ સાહેબ ટાંકી શકશે પણ નીરંગ **પાવાનું** ફરમાંન ધરમ પુસ્તકોમાં મલતું નથીજ. વલી દસ્તુરજી કહે છે કે નીરંગ પાવાથી રવાનની પવીત્રાઇ થાય છે, પણ અશો જરથોસ્તનાં ધરમનાં ભાવારથને એ વીચાર કદીબી મલતો થઈ શકે નહી. કારણ એ ધરમમાં ખોલ્લું જાહેર કીધેલું છે કે ફકત માણસની કરણી ઉપરજ તેનાં રવાંનની પવીત્રાઈનો સઘલો આધાર છે, અને ચોકસ વસ્તુઓ ખાધાપીધાથી આતમા પવીત્ર થશે એવું કેથે મલતું નથી. જુદદીનો એ આધારે આપણને ખોટી રીતે સતાવે તેમાં નવાઇ નથી.

જ્યારે હુમત, હુખત અને હવર્શતથી અંતઃકરણની પવીત્રાઇ જાલવવાનાં ખોલ્લાં ફરમાંનો અવસ્તામાં જણાવેલાં છે તયારે એવણ સાહેબ ફકત **રવઇઆ** ઉપર ભાર મુકી નીરંગ પાવાનું ફરમાન સાબેત કરવા માંગે છે તે ધરમ અભયાસીઓ કવચીતબી સ્વીકારી શકે નહી. એવણ સાહેબ માઠાંભાએગે કહે છે કે " નીરંગના ગુણ રસાએણ શાસ્ત્રનાં બલથી આપણે સમજવાને હાલ પુરતી રીતે સકતીવાન નથી." જો આગલા વખતમાં એનાં ગુણ જાણીતા હોય તો આજ ઓગનીસમી વીદવાન સદીમાં તે ગુણો વધુ જાણીતા થવા જોઇએ, રસાએન શાસ્ત્ર આતમા અથવા રવાન સાથે તાલુકો રાખે છે એ વાત રસાએનીઓને પણ નવીજ માલમ પડશે!

કોઇબી ચીજ પીધાથી આપણું રવાન સ્વચછ થાય અને તેથી મુકતી મલે એ બોલવુંજ આપણા માજદયશની તરીકાથી ઉલતું છે અને તેની સાધારણ સમજણ આજનાં ઉધરતાં બાલક વટીક ધરાવે છે.

આએ લખાંનથી " નીરંગદીનની ક્રીયા " અને તેનાં બંધન વીશેની તકરારમાં હું તદન ઉતરવા માંગતો નથી પણ મારાં ચોપાંનયાંમાં જણાવયા મુજબ ફ્કત નીરંગ પાવાનું અવસ્તામાં કેથે ફરમાન નથી એટલુંજ સાબેત કરવા માગુ છું.

પતેત વીસે દસ્તુર સાહેબ કહે છે કે શાસાંની-આન દોરની વખતે અવસ્તાનાં કલાંમની સમજ લોકને રહી ન હતી તેથી દસ્તુર આદરબાદે તે વખતની ચાલુ ભાશા પેહલવી તથા પાજંદમાં પંદરસો વરસની વાત ઉપર "ફ્રસ્તુયે" ની અસલ પતેત ઉપર નવી પતેત પશેમાંની બનાવી હતી અને તે કોણને માટે હતી તે વીશે દસ્તુર સાહેબ જણાવે છે કે તે પતેત એક જરથો-સ્તીને ગુજરતી વખતે તેનાં સઘલાં પાપોનાં નીવારણની મતલબથી પઢવા સારૂ તેમજ તે ગુજરનારની પછવાડે તેનાં ખેશીઓ અને દોસ્તોને પઢવા સારૂ બનાવી છે માટે તેજ વખતે પતેત પઢવી વાજબી છે. દસ્તુરજીના ઉપલા ખુલાસા ઉપરથી સીધ થાએ છે કે મજકુર સબબ સીવાએ કોઈબી કારણે, કોઇબી વખત બીજા કોઈએબી પતેત પઢવીજ નહી. છતાં દસ્તુરજી કહે છે કે નવજોત વખતે એ પાજંદ પતેત પઢાવાનો **રવાઇઓ** છે !

પેહલવી તથા પાજંદ ભાષા બોલાતી હાલમાં બંધ પડી છે અને સારાં ભાયગે અવસ્તા ભાષાને તેનાં અસલ-પણામાં સમજવાની શકતી આગલ વધી છે માટે પાજંદ પતેત—(જેમાં ઉમરે પુગેલાં માણુસોજ જે ગુનાહ કરી શકે તેની પરાયસ્ચીત છે)–ને બદલે 'ફ્રસ્તુયે' ની અસલ પતેત અવસ્તા ભાષામાંજ મુકી તેની સમજણ ગુજરાતીમાં મેં મારાં ચોપાન્યાંમાં આપી છે જે ટુકી, સરવ રીતે

સંપુરણ અને દીલ ઉપર અસર કરે એવી છે તેજ નવજોત વખતે ભણાવવાની મેં ભલામણ કીધી છે અને ઘણે ઠેકાંણે તે રીત ચાલુ પણ થઈ ચુકી છે.

હવે એમાં દસ્તુરજી જણાવે છે તેમ સુધારાને બાહાને દીનની ક્રીયામાં ખલલ શું થઇ તેની મુનસફી હું સરવ દાનેશમંદ જરથોસ્તીઓ ઉપર મુકું છું. દસ્તુરજી કહે છે કે ચાલુ આવેલી નીઆગાંનોની રીત પ્રમાણે ચાલવાની આપણી ફરજ છે અને નવજોત થતાં બાલક પાસે અને તેને સારૂં બીજાઓ પાસે પંદરસો વરસ ઉપર લખાએલી આખી પતેત પઢાવવાનું પોતાની વાઆજમાં મજબુતીથી ફરમાન આપે છે અને એજ વાઆજમાં એજ પતેતમાંથી ...ક્સ કરદા કાઢી નાખવાનો સુધારો પોતે સુચવે છે !! જોકે અતયાર સુધી જાહેરમાં નવજોત વખતે તેમ પઢતા દીસતા નથી !

બારસો અને પંદરસો વરસનાં નીઆગાંનોનાં રેવાજને દીનનાં ફરમાન મુજબ માન આપવાની એવણ ઓજરખાઇ કરેછે તો હું પુછુ છું કે ભગરસાથની અનજુમનનાં સાહેબોનાં નજદીક સાતસો વરસના **મરાતેબ**નાં રેવાજમાં વખતને અનુસરતો સુધારો કરવા માટે દસ્તુર સાહેબ બાહેર પડીઆ તે કેમ ? જો સાતસો વરસનો રેવાજ વખત, સ્થીતી અને દેશને મલતો થવા માટે બદલી શકાય તો તેજ રૂઢીએ પંદરસો વરસનો રવાઈઓ ફેરવવામાં શી અડચણ ? આગલ જણાવયું તેમ દસ્તુરજી પોતાની વાઆજમાં આખી પતેતબી પઢાવવા માંગે છે અને વલી એમબી કહે છે કે પતેતનાં સઘલા કરદા નવા થતા જરથોસ્તીને ભણાવા રવા નથી. આ બે રીતનાં બોલવાથી જરથોસ્તીઓ ઓર શકમંદ થયા વીના રેહનાર નથી.

મેં મારાં ચોપાંન્યામાં નવા બનતા જરથોસ્તી પાસે ઇજશનેનો બારમો હા પઢાવવાની સુચના કીધી છે જે સુચનાને મારા મીત્ર એરવદ કાવશજી એ૦ કાંગાએ બનાવેલી "ખોરદે અવસ્તા બા માયની" નો ટેકો છે. તેમાં ઇજશનેના બારમાં હા વીશે એરવદ કાવશજી લખે છે કે એ હા દીનનો કલમો છે અને નવા બનતા જરથોસ્તીને પતેતને બદલે એજ પઢાવવો જોઇએ. એ હા વીશે દસ્તુર સાહેબ વાંધો ઉઠાવે છે અને દીનનાં કલમા તરીકે પાછળથી પાજંદ ભાશામાં થએલાં લખાણને અવસ્તાનાં અસલ લખાણ ઉપર સરસાઈ આપે છે! એ બારમાં હાને દસ્તુરજી દીનની સતા વગરનો રેવાજ કહે છે પણ એમ કેહવામાં સચાઇથી દુર જવામાં આવે છે. હાલની પતેતનો મુલ આધાર "ફ્રસ્તુએ" અને એજ બારમો હા "નાઇસીમી દએવો" છે. હાલની પતેતનો પેહલો કરદો એ 'ફ્રસ્તુયે' નો શરેહ સાથનો તરજુમો છે અને એજ પતેતનો "નગુનેમ દીવાન" થી શરૂ થતો ભાગ ઇજશનેનો બારમો હા "નાઇસીમી દએવો" નો શરેહ સાથનો તરજુમો છે એમ ધરમના બધા અભયાસીઓ કબુલ રાખે છે.

જયારે અસલ અવસ્તાનાં ફરમાંનો સેહલથી સમજાવી શકાએ છે તયારે પાછલા વખતનાં દસ્તુર સાહેબોનાં લખાણોને અવસ્તા ઉપર પસંદગી આપવી એ વાજબી કેહવાએ નહી.

ટુકમાં તપાસ લેવાનો ઇરાદો રાખવા છતાં લંબાણ થયું છે માટે દરગુજર ચાહું છું અને આશા રાખું છું કે મારા જેવા અદના વીદયારથીને ઇનશાફને ખાતર તમારાં નામીચાં પત્રમાં જગા આપી ઉપકાર કરશો.

લા૦ આધીન સેવક,

જામાસ્પજી એદલજી દાદાચાંદજી.

રાસ્ત ગોફતાર

(તા૦ ૨૮ મી નવેમબર ૧૮૮૬.)

સાહેબ, તમારાં ચાલુ માસની તા૦ ૧૪ મીનાં પત્રમાં દસ્તુર પેશોતનજીએ "નવજોત ક્રીરીઆ" ઉપર કીધેલી વાઆજમાંથી પતેત પઢવા અને પઢાવવાનાં રવઇઆ અને "નીરંગેદીન !" પાવાની બેહુદેગી વીશે કેટલોક ખોલાશો કરવા પછી નવજોત કેટલાં વરસની ઉમરે કરવી તથા તે કરવાનું ધરમનું ફરમાંન કેવી રીતનું છે તેનો ખોલાશો કરવાની રજા લેઉં છું.

મેં મારાં ચોપાંન્યાંમાં લખ્યું છે કે "જરથોસ્તીઓનાં સમજણમાં આવેલાં બાલકોની નવજોત ક્રીયા સાતથી પંદર વરસની હદની અંદર કરવાને જણાવેલું છે." એની સાંમણે દસ્તુર સાહેબ પોતાને મનગોઠતાં ફરમાંનો આપી એમ સીધ કરવા માંગે છે કે બાલકે સાત વરસની ઉમર થવા પછી તરતજ સુદરેહ કુસ્તી એખતીઆર કરવો જોઇએ.

મારે કબુલ કરવું જોઇએ કે નવજોત ક્રીયા કેવી રીતે કરવી અથવા કયા અવસ્તા બાલક પાસે પઢાવવા એવું અવસ્તામાં ખોલું કેથે બી જણાવેલું નથી પણ વંદીદાદની ૧૮ મી પ્રગરદમાં આવેલી બાબતનાં ઇસારા ઉપરથી મે ઉપલી **પંદર વરસની હદ જણાવી** છે. જે રીતે વંદીદાદની ૧૮ મી પ્રગરદ ઉપરથી હું સાર કાઢું છું તેજ રીતે યુરોપનાં અવસ્તા ભાશાનાં નામીચા વીદવાંન ઉસ્તાદો સ્પીગલ, હાઉગ, યુસ્તી, વેસ્ત, દારમેસ્તેતર અને હારલે એજ પ્રગરદ ઉપરથી 'સદરા કુસ્તી' માટે પંદર વરસની હદ જણાવે છે.

વંદીદાદનાં લખાંણુ ઉપરથી પેહલવી અને ફારસી ભાશામાં રેવાઅત લખનારા રૂહશાદ દસ્તુર સાહેબોનાં પુસ્તકોમાં ૧૫) વરસેજ સદરો કુસ્તી આપવાની ક્રીયા કરવાને ખોલું ફરમાવેલું છે. "શાએસ્ત લા શાએસ્ત" અને "સદદર" ઈતયાદી રેવાએતોમાં ખોલાં ૧૫) વરસ જણાવેલાં છે જે વીશે દસ્તુર પેશોતનજી પોતાની વાઆજમાં જણાવે છે કે એ ૧૫) વરસની હદ કોઈ **જુદદીન** આપરી દીનમાં આવવા માંગે તેને સારૂં છે. દસ્તુરજી એમ જણાવીને પોતાની સાત વરસની ઉમરવાલી બાબત સાચવવા માટે લાંબા વખતની હુજત પાર પાડવાની કોશેશ કરે છે, એવણુ જણાવે છે તેમ મજકુર કેતાબોમાં એ બાબતનાં સંબંધમાં **જુદદીન** શબ્દ છેજ નહી બલકે બેહેદીન (ભલી દીનનો) છે!!

એ કેતાબો ઉપરાંત બીજા ફારસી રવાએતો લખનારા મરહુમ દસ્તુરો-દારાબ હોરમજદીઆર, કામદીન શાપુર, નરીમાંન હોસંગ અને બેહેદીન જાસા પદર વરસની હદે સદરો કુસ્તી આપવાની ક્રીયા કરવાને ફરમાવે છે.

મરહુમ દસ્તુર દારાબ હોરમજદીઆર પોતાની રવાએતમાં હીંદુસ્થાનનાં જરથોસ્તીઓ નવજોત ક્રીયા કેવી રીતે અને કેટલાં વરસની ઉમરે કરે છે તે વીશે બારીક વીગતે શરૂઆતથી આખેરી સુધીનું લંબાન વરણુન આપે છે તે હાલનાં ચાલુ રવઈઆને હુબહુ મલતું આવે છે તેમાં દસ્તુર દારાબ "નીરંગેદીન" પાવાને અને "દાડમનાં જાડની પાતરી" ચવડાવાને જણાવતો નથી એ ઉપરથી એવું જણાએ છે કે જે વખતે દસ્તુર દારાબે હીદુસ્થાંનનાં જરથોસ્તીઓનાં રવઈઆનું મજકુર વરણુન લખીઉ તે વખતે બી **"નીરંગેદીન !" પાવાનો "રવઇઓ" નહીજ હશે.**

મજકુર હેવાલ જે દસ્તુર દારાબે હીંદુસ્થાંનનાં જરથોસ્તીઓનાં રેવાજ તરીકે આપ્યો છે તે પોતાના મત તરીકે નહી. તેમાં બાલક પાસે પતેત પઢાવે છે અને બીજાઓ તેને માટે પઢે છે એવું જણાવેલું છે તેને દસ્તુર પેશોતનજી દસ્તુર દારાબનાં મત તરીકે જણાવે છે!

દસ્તુર સાહેબ પોતાની વાચાજમાં ભાર મુકી જણાવે છે કે **સુધારાને બાંહુંને** દીનની બરહક કીરીઆની અંદર ખલલ થાએ છે અને તે કીરીઆ ફેરફાર થાએ છે ઇતયાદી. હું દસ્તુરજીને પુછવાની રજા લેઉ છું કે દસ્તુરજીએ પોતાના મરહુમ મુરબી દસ્તુર એદલજીએ અવસ્તા તથા પેહલવીનાં કીધેલાં વાંચનો, તરજુમો અને આપેલાં ફરમાંનો તથા કીરીયાઓમાં દેશ, કાલ અને સ્થીતીને અનુસરતો સુધારો શું નથી કીધો? દસ્તુરજી અને બીજા કેટલાક સાહેબો જે વખતે સુધારા શબ્દને તેને ખાતરજ વગોવે છે અને તે શબ્દ સાથ વેર ભાવ રાખે છે તેજ વખતે પોતે સુધારો કરે છે અથવા કોઇએ શરૂ કીધેલા સુધારાની પુઠે પોતાની મતલબ સચવાતી હોએ તો ચાલે છે. જે સાહેબો પારશી ટોલાની ગયાં પચીસ વરસની સંસારી તથા ધરમ સંબંધી હાલતને આજની સ્થીતી સાથ સરખાવાની તસદી લેશે તે સાહેબો ઉપલું સીધાંત ખરૂ માનશે.

લા૦ આધીન શેવક,

જાંમાંસ્પજી એદલજી દાદાચાંદજી.

રાસ્ત ગોફતાર

(તા૦ ૧૨ મી ડીસેમબર ૧૮૮૬)

ચાલુ માસની તા૦ ૫ મીના તમારાં પત્રમાં "અરશવચો"નું નામ ધારણ કરનાર ગ્રહસ્થ દસ્તુર પેશોતન-

જીએ "નવજોત ક્રીઆ" ઉપર કીધેલી વાઆજની ઘણું ચુસ્તપણાથી હીમાયત કરે છે અને તેમાં સમાએલી બાબતોના જે માઆકુલ રદીયાઓ તમો સાહેબે અને મેં આપ્યા છે તે વીશે અખાડા કરી જઈને ખંડન થએલા સવાલો પાછા પુછવાની કોશેશ કરે છે! માટે "અરશવચો"ને હું એલતેમાસ કરૂં છું કે તમારાં તા૦ ૧૪, ૨૧ અને ૨૮ મી નવેમબરનાં પત્રો અને ગયા રવીવારે તમોએ અને તમારા ચાલાક "સત્ય શોધક"એ લખેલી બાબતો જો તેવણે એકવાર વાંચી હોય તો બીજીવાર ફરી વાંચવાની અને નજરચુકથી વાંચવાની રહી ગઇ હોએ તો નવેસરથી વાંચવાની તસદી લેવી જેથી તેવણનાં મનનું સમાધાંન થશે.

"નીરંગેદીન!" **પાવા** વીશે ધરમનું ફરમાંન નહીજ મલવાથી દસ્તુર પેશોતનજી જ્યારે પોતે ધરમગુરૂ થઇને ૧૨૦૦ વરસની આગમચનાં રવાઇઆનો આધાર પકડે છે ત્યારે તેવણના હીમાયતી "અરશવચો" નીરંગ પાવાનું ફરમાંન વંદીદાદમાંથી ટાંકી બતાવે છે!!

બની શકે કે પેલા કસરતબાજ ઉસ્તાદે પોતાનાં "શાગરીદ"ને કુશતીનાં શો દાવમાંથી નેવાંનું સીખવ્યા હતા અને એક બાકી રાખીને તક પડતાં તેનો શાગરીદ ઉપર ઉપયોગ કરયો હતો તેને મલતી ઉસ્તાદગીરી "અરશવચો"એ બતાવી હોય!

"નીરંગેદીન!" પાવાનાં વાજબીપણા વીશે "અરશવચો" વંદીદાદની પાંચમી પ્રગરદના ૫૦-૫૧માં ફકરાનો સાર આપે છે કે—"બેજાંન બાલકને જનમ આપનારી જરથોસ્તી ઓરતને પાક કરવા સારૂ નીરંગદીન પાવા સારૂ ફરમાવેલું છે." એ ફકરાનો ખોલાસો કરવાની રજા લેઉ

છું કે જો હું ભુલતો નહી હોઉ તો વીસ વરસ ઉપર એ ફકરાઓ વીશે તમારાં પત્રમાં ઘણી મુજાહેમત થઇ હતી અને હમણાં "અરશવચો" નીરંગ પાવાની દલીલમાં એ ફકરા રજુ કરે છે માટે એ ફકરાઓને તમારાં પત્રમાં ઘણે વરસે ફરીથી બીરાજવાનું માન મલ્યું છે.

એ ફકરાઓની આસપાસની બાબત મુવેલાં બાલકને જન્મ આપનારી સ્ત્રીની માહાવજત કરવાને લગતી છે તે સ્ત્રીને ક્યારે અને કેવો ખોરાક આપવો તે વીશેની બાબત એ ફકરાઓમાં છે. ૫૦માં ફકરામાં સવાલ પુછ્યો છે કે તે સ્ત્રી સઉથી પેહલાં કયો ખોરાક ખાએ? એનો જવાબ ફકરા ૫૧માં મલે છે કે—કોઈ બી ખોરાક આપવા આગમચ ખાકેસતરનાં ગૌમુત સાથ મેલવેલા ત્રણ છ અથવા નવ **ટીપાં**, તે સ્ત્રીનાં ગરભસ્થાંનનાં અંદરનાં ભાગમાં (બચાંની) ધોર થએલી જગાની ઉપર **છાંટે** અથવા **નાંખે.**

એટલું કરવા પછી ચોકસ ખોરાક આપવાની બાબત ૫૨)માં ફકરાથી શરૂ થાય છે.

"અરશવચો" એ જણાવેલા વંદીદાદના ફકરાઓનો અર્થ ઉપર જણાવ્યા પ્રમાણે છે. એ ફકરાઓમાં જેમ "અરશવચો" કહે છે તેમ "ઓરતને પાક કરવા સારૂ નીરંગદીન પાવા સારૂ ફરમાવેલું" નથી પણ તેનાં ગરભસ્થાંનમાં મજકુર ટીપાં છાંટવા અથવા નાખવાને ફરમાવેલું છે.

જો "છાંટવું" શબ્દનો અર્થ "પાવું" ચાલી શકતો હોય તો તાંબાંનો સીક્કો સોના અથવા રૂપાંનાં સીક્કામાં ચાલે!

એ ફકરામાં જે ક્રિયાપદ છે તે [illegible] (ઉપ.હરેજએત) છે અને તેનો ધાતુ [illegible] (હરેજ)

સં૦ સર્જ્ ફા૦ હીશતનૂ—"છાંટવુ" 'છોડવું' 'ફેંકવું' અને 'નાંખવું' છે એ ધાતુ ઉપરથી બનેલા શબ્દો નજદીક પંદર જગાએ અવસ્તામાં મલે છે પણ કેહે બી "પીવું" એવો અર્થ આવતોજ નથી. એનો પેહલવી તરજુમો બી "શીકુનસની"—છાંટવું અથવા છોડવું છે.

જો એ શબ્દનો અર્થ "અરશવચો"ની ખાતરદારી રાખવા માટે **પીવું** કબુલ રાખીએ તો આખા ફકરાનો અર્થ શું થાએ?

આએ ખોલાસા ઉપરથી તમારા દાનેશમંદ વાંચનારા સાહેબોની ખાત્રી થશે કે "અરશવચો"નું નામ ધારણ કરનાર ગ્રહસ્થે "સાચું બોલવાનું કામ" કેટલે દરજે પાર પાડયું છે! એજ અરજ.

લા૦ આધીન શેવક,

જામાસ્પજી એદલજી દાદાચાંનજી.

આએ ચોપાંન્યા વિષે અપાએલા વિચારો.

રાસ્ત ગોફતાર

(તા૦ ૧૦ મી અકટોબર ૧૮૮૯.)

જરથોસ્તી તરીકેની ફરજ કબુલ રાખવા આગમચ એક બાળકની ઉપર નવજોતની ક્રીયા કરવામાં આવે છે તે વખતે ધરમનીતીના જેટલાં મુળતત્વોથી તે બાલકે વાકેફ રહેવું જોઈએ તેનો સમાસ આ નાના ચોપાન્યામાં કીધો છે. એની ઇબારત સાદી તેમજ સલીસ છે અને તે બાલકોની શક્તિને માફક આવે એવી રીતે સમજાવામાં

આવ્યાં છે. જંદ અવસ્તાની કેટલીક ચોપડીઓ જે હાલ પ્રગટ કીધામાં આવે છે જેમાં શબ્દે શબ્દના અર્થ ગોઠવી ચાલુ ભાશામાં ધરમના તત્વો સમજાવા માંગે છે તે વાંચતાંજ બાળકોને તેમજ મધ્ય વયના મરદ તેમજ સ્ત્રીઓને કંટાલો છુટે છે જેથી એવાં પુસ્તકો એકથી વધારે વાર હાથ ધરતાં તેઓ અચકાય છે. સવાલ જવાબના આકારમાં આ ચોપાન્યામાં એરવદ જામાસ્પજી એદલજી દાદાચાનજીએ બાલકોને માટે જે જે જરૂરીયાત જ્ઞાન દરસાવયું છે અને તેના પાછલા ભાગ ઉપર આ ક્રીયાને બંધ બેસતા અવસ્તા તેના અરથ સાથે ખુબી ભરેલી રીતે મુકી બતાવયા છે અને શરૂઆતમાં પોતાના કેટલાક વીચારો મજબુતાઇથી જાહેર કીધા છે, તેમાંના જુજ વીચાર સાથે જોકે હમો એકમત થઈ શકતા નથી તોપણ સાંમટી રીતે આ ચોપાન્યું પસંદ કરી તે સરવે જરથોસ્તીઓને પોતાના ધરમાં દાખલ કરવાની અને નવજોત વખતે તે ઉપર અમલ કરવાની હમો પુરતી ભલામણ કરીયે છીયે.

નવજોતની ક્રીયા કયા વખતમાં અને કયે આધારે ઉત્પન થઈ અને તે જરથોસ્તીઓમાં કેમ દાખલ થઇ તેની નોંધ આ એરવદ સાહેબે આપી નથી. કદાચ આ બાબતની ધરમ રૂહે મજબુત શાહદત પોતાની પાસે ન હોવાથી તે ઉપર ચુપકીદી અખત્યાર કીધી હોય એવું અમને લાગે છે. એનો ફક્ત ઈસારો વંદીદાદની ૧૮ મી પરગરદમાં "અઇવ્યા અડુંહનેમ" પંદરમે વરસે આપે એવા જે બોલો આવ્યા છે તેનો જરથોસ્તીઓ આધાર પકડે છે. કેટલાકો આ બોલોને અભ્યાસ કરવાને અરથે, કેટલાકો કુસ્તી બાંધવાને અરથે સમજાવે છે અને કેટલાકો દીલમાં કપડું પેહરવાને અરથે તેને સમજતા દીસે

છે. એ ઈસારા સીવાય નવજોતની ક્રીયા વીશે અવસ્તામાંથી કાંઇ વધુ ખુલાસો મળતો નથી. એટલાજ ઉપરથી દસ્તુરો જામાસ્પજી મીનોચેહરજી અને પેસોતનજી બેહેરામજી શનજાનાએ પારકી કોમના લોકને સદરા પહેરાવાની આજ થોડા વખત ઉપરની તકરાર વખતે અવસ્તાના વખતની શાહદત નવજોતની બાબતમાં આપી શકયા ન હતા. દસ્તુર જામાસ્પજી તો આગળ વધી એમ કહી શકયા હતા કે તેઓને દીનમાં લેવા માટે ફકત તેઓનો **એકરાર** બસ હતો અને **ક્રીયા મારગની ધરમની રાહે જરૂર ન હતી.**

આ ચોપાન્યાના બનાવનાર એરવદ જામાસ્પજી હીંમતથી અને સત્યતાથી કહે છે કે હાલ ચાલુ રેવાજ પ્રમાણે બાળકને નવજોત વખતે ગૌમુત (નીરંગ) તરણ વખત પાય છે અને તે વખતે સાધારણ ફારસી વાક્ય "ઇન ખોરમ ઇન પાકીએતન ચોજદાથ્ર એ રવાંનરા" તે બાળક પાસે બોલાવે છે તેવું ફરમાન ધરમમાં કેથે દીસ્તું નથી. આ ફારસી વાક્યજ દેખાડે છે કે છેક પાછલના વખતમાં આ નવી રીત ઉમેરવામાં આવી છે. દસ્તુર પેશોતન પણ પારકી કોમવાળાને સદરો પેહેડાવતાં ગૌમુત પાવાની બાબત વીશે છેલી તકરારમાં કાંઈજ લખતા નથી. ગૌમુત પોતે કોહે છે અને જ્યારે વસ્તીવાળા શેહેરોમાં લોકોની તંદરોસ્તી માટે સરકાર અને વઈદરાજો લાખો રૂપીઆ ખરચાવી એ જાતની કોહતી અને જીવડા પડતી ચીજોને દુર કરવા માટે ગટરો અને બીજા ઇલાજો હાથ ધરે છે અને તેનો કોહાટ ચાલુ ન થાય અને તે નજીસાત આગલ ન પંથરાય માટે ને ઉપર તુરત વેળા Disinfectant દવાઓ નાખવાની તાકીદ ફરમાવે છે

ત્યારે તેજ વસ્તુ નવજોત વખતે બાળકોને અને મુકતાદ અને બીજે ટાંકણે ઓરતોને નાહન નવાડી પાક થવા માટે પાઈ તેમાં પડેલા જીવડાઓથી અને ખજવાત થાય એવા તેમાં સમાયલા પદારથોથી થતી ખરાબી શરીરમાં પેદા કરવાથી "બાળકના રવાંનની" અને ઓરતોની પવીતરાઈ કેમ જલવાય તેની સમજ એરવદ જામાસ્પજી સાથે હમોને પણ પડતી નથી. જો શાખેલા મોબેદ સાહેબો આવીજ હીમતથી જરથોસ્તી ધરમને તેના ખાલેસ આકારમાં દરસાવતા જશે તો આ અને એવીજ બીજી રસમો આપણામાંથી તાકીદેથી નીકલી જશે અને કથીર સાથે મળી ગયલું સુનું છુટું પડી તેના ખરા આકારમાં પરજારૂપી છાપ સાથે એકવાર પાછું ચાલુ થશે. જરથોસ્ત સાહેબે જ્યારે ગલીચીથી દૂર રહેવાની અતી તાકીદ ફરમાવી છે ત્યારે જાણી બુજીને બોંહોંશ અને એંટને મારીયા આ નાપસંદ રેવાજને હર રીતની હલકી તજવીજથી ટેકવવાના ફાંફાં શેને માટે મારવાં જોઇએ? અસલી રેવાજને ટેકવવાના હેતુથી મતલબસર ધરમ પોકારનારા ધરમ અને પેગમબરનેબી એક કોરે મુકવા માંગે છે અને જ્યારે નખ અને બાળની પહરેજી માટે સેંકડો ફીલસુફીઓ વંદીદાદની સતરમી પરગરદમાંથી બતાવા નીકળે છે ત્યારે વરસબાળ (વરસીઆનો બાળ) ક્રીયા મારગમાં ધમધોકાર વપરાય છે તેનું કેમ? એ રીમની કેમ દુર કરી શકાય? એરવદ જામાસ્પજીએ નીરંગ પાવાની વીરૂધમાં ધરમની રાહે પોતાના વીચારો મજબુતાઇથી જાહેરમાં મુકયા છે તે માટે તેવણુને શાબાશી ઘટે છે અને જોકે તેવણુને થોડાવાર કેટલીક જગ્યાથી એટલા સારૂ સતાવામાં આવશે તોયે સમજુ પ્રજાનો એકદીલી અવાજ તેવણુની તરફેણમાં રહેશે.

એરવદ જામાસ્પજીએ પોતાના અભ્યાસ અને કેલવણીને સ્વતંત્ર વીચારોથી જેબ આપી છે અને વીદ્યા અને હુનરની કેલવણી સાથે ધરમનીતીનું સામાન્ય ગ્નાન આપવાની જરથોસ્તીઓને તેવણુ ભલામણુ કરે છે અને ઈનતેજારી બતાવે છે તેમાં સરવે જરથોસ્તીઓની સામેલગીરી છે.

એરવદ જામાસ્પજી દાદાચાનજીએ આ ચોપાન્યાંમાં ઇજશનેના બારમાં હા માંહેથી એક નાદર ફકરો ટાંકયો છે જે હમોએ અહીયાં ઉતારી લીધો છે તે સરવે જરથોસ્તીઓની અને શીખેલા એરવદ સાહેબોની છાતીમાં તેમજ તેઓના સુદરાહનાં ગીરેબાનમાં તેની નકલ કોતરી રાખવી ઘટે છે. **"જે વસ્તુ જરથોસ્તી ધર્મને નુકસાંન કરનારી અને જે રીતો નીતીના તરીકાથી જુદી છે તેને આજથી વગોવવાને અને તેના ખરાં રૂપમાં જાહેર કરવાને તમે કબુલ થાઓ છો."** જ્યાંસુધી દસ્તુરો, એરવદો, અને મોબેદ સાહેબો એ તરીકે પોતે ચાલે નહી ત્યાંસુધી ધરમ ગ્નાન પંથરાવું મુશકેલ છે. હાલ તો રસમ અને રીવાજોને ધરમની સાથે આમેજ રાખવા માટે કેટલાક શીખેલા એરવદો અને મોબેદ સાહેબો આદકતરી રીતે ભલામણુ કરતા દીસે છે. કેટલાકો આજની વીદ્યા સાથે તેને જેમ તેમ મેળવવાના ફાંફાં મારે છે પણુ એવી થીંગડાં મારેલી ફીલેબંદી કેળવણીના ધબકારા અને પ્રકાશ આગળ કેટલો વખત ટકી શકે તેનો ખ્યાલ જરથોસ્તીઓનેજ સોંપીયે છીયે. * * * મોબેદ સાહેબોમાં ધીરજ અને ખંતીપણું પુશકળ છે પણુ તેઓને ખરી રોશણી દેખાડનારા અને છુટથી બોલનારા કાબેલ શખશોની ખુટ છે. તે ખુટ પરથમમાં પુરાવી જોઇએ

છે. એરવદો શેહેરીઆરજી અને જામાસ્પજી દાદાચાંનજી જેઓ બંધે ધરમવાણીના જાણીતા અભયાસીઓ ગણાય છે તેઓએ જે સુભ દાખલો હીમતથી આપ્યો છે તે દાખલે બીજા એરવદોએ ચાલવું જોઇએ છે.

ઇજશનેના બારમાં હાની પંદરસો વરસ ઉપર એક કાબેલ દસ્તુરે કીધેલી શરેહ તે આજની પતેત છે એવું બતાવવાની એરવદ જામાસ્પજીએ તજવીજ કીધી છે. એ પતેત યાને પશ્ચાતાપની બંદગી નવજોત વખતે દસ્તુર અને મોબેદ સાહેબો બાળકને માટે પઢે તે એરવદ જામાસ્પજીના કહેવા મુજબ ગોયા એક બીમારને તનદરોસ્ત કરવા બીજાને દવા પાવા બરાબર છે. એ રસમને આ એરવદ વાજબીપણે તોડી નાંખવાની ભલામણ કરે છે. વલી એ પતેત બાળકોને મોહડે બોલાવવી એટલે તેમાં સમાવેલા કેટલાક ગુનાહ જે તે બાળકની શકતી અને સમજણની બાહેર છે તે તેની પાસે ખોટી રીતે અંગીકાર કરવા જેવું ઠરે છે તેથી આ એરવદ આ ક્રીયા વખતે બાળકોને પતેત પઢાવવાની વાજબી રીતે સામે થાય છે. અને તે કાયદા વીરૂધ છે એવું દેખાડવાની હીમત કરે છે. એને બદલે અહુરમજદને માંનવાનો એકરાર, નીતીની પસંદગી અને અનીતીનો તીરસ્કાર, જરથોસ્તી તરીકેની કબુલાતો, ધરજો અને બંદગી જે અસરકારક રીતે અવસ્તામાં વરણવ્યા છે તેમાંના ફકરા આ ચોપાન્યાંમાં ટાંકી બતાવયા છે તે મોહડે યા ચોપડીમાંથી વાંચી બાળકને નવજોત વખતે પઢાવવાની આ એરવદ સાહેબ ભલામણ કરે છે. આ અવસ્તાનો ખુલાસો સાદી પણ સલીસ ગુજરાતી એબારતમાં સમજ પડે અને દીલ ઉપર અસર કરે એવી રીતે ચોપાન્યાંના પાછલા ભાગમાં આપવામાં

આવ્યો છે. સરવે જરથોસ્તીઓને લાયક છે કે આ નાનું ચોપાન્યું અને નવજોતમાં આ વીદવાન એરવદ સાહેબે સુચવેલો નવો સુધારો પોતાના ઘરમાં દાખલ કરવો.

નૂરે એલમ.

(નવેમબર ૧૮૮૬.)

એ ચોપાન્યું અકસર કરીને જરથોસ્તી નાનાં બાળકોને નવજોતની ક્રીયા થવા આગમચ પોતાના ધર્મની ખબરદારી મેળવવાનાં થોડાંક મુળતત્વો શીખવવા માટે અગત્યનું છે. પણ એ ચોપાન્યાંમાં બાળકોને બાદ કરતાં બાકીના જરથોસ્તીઓને માટે અવસ્યની બાબત દાખલ કીધી છે તે એ ચોપાન્યાંનો દીબાચો છે. એ દીબાચો એક ખાસ રસાલા દાખલ હેલાએદો પ્રગટ થયો હોત તો અમે ઘણા ખુશી થાત. તેમાં એરવદ જામાસ્પજીએ એક ખરા એરવદને છાજે એવી રીતે, એક ખરા કેળવાયલાને જેબ આપે તેવી ઢબથી, બાહેર આવીને સર્વ જરથોસ્તીઓમાં બાંગે બુલંદ જાહેર કીધું છે કે નવજોતની ક્રીયા વેળા કુમળા બાળકને નીરંગ યાને ગાયનું મુત્ર પાવું કમકમાટ ભરેલું છે એટલુંજ નહીં પણ તે ધર્મના ફરમાન વીનાનો એક રેવાજ છે. નવજોતની ક્રીયા વખતે વળી બાળકને જે પતેત પહડાવવામાં આવે છે તે વીશે પણ એરવદ જામાસ્પજીએ વાજબી મુજાહેમત કીધી છે. હરકોઈ જરથોસ્તીને જો જાણવાની ખાહેશ થશે તો ખુદ આ પતેતના એકથી વધારે તરજુમાં થયા છે તે વાંચીને તે જાણી લેશે કે આ પતેત જેવું પશ્ચાતાપનું ભણતર એક બાળકને માટેનું નથીજ.

* * * *

તેવનનું નાનું પણ કીમતી ચોપાન્યું જરથોસ્તી બાળકોને માટે તેમજ માબાપોને માટે એ રીતે એક સરખું ઉપયોગી છે.

મધુર વચન.

(અકટોબર ૧૮૮૬.)

આએ એક નાહલનું ચોપાન્યું છે જે તેના અકલમંદ દીબાચાને લીધે અમોને ઘણું પસંદ પડે છે. એ ચોપાન્યું બાલકોને માટે લખવામાં આવ્યું છે પણ તેનો દીબાચો બાળકોના બાપ, બલકે બપાવાઓને પણ વાંચવા લાયક છે. એ ચોપાન્યાંના લખનાર જામાસ્પજી એદલજી દાદાચાનજી આપણા અરધો દજન કેલવાયલા મોબેદોમાંના એક છે અને કેલવણી આપણા મોબેદોનાં ધરમ સંબંધી વીચાર વેહમના કચરા કાદવમાંથી કેવા છુટા પાડે છે, તે જો જોવું હોય તો મી૦ જામાસ્પજીનાં ચોપાન્યાંનો દીબાચો વાંચવા સીવાય બીજું કાંઈ કરવાની જરૂર નથી. એ દીબાચાના કેટલાક અગતના ભાગને એક જુદીજ બાબદનાં રૂપમાં અમે બીજી ગમ ઉતારી લીધો છે જેની ઉપર દરેક દીનદાર જરથોસ્તીનું અમે ધ્યાન ખેંચ્યે છીયે. નવજોતની કીયાને માટે એક જરથોસ્તી બાલકને શું શું ગ્નાન આપવું જોઇએ તેની સમજ તથા નવજોતની કીયામાં બાળક પાસે ભણાવવામાં આવતા અવસ્તાના કલામો અને તેમનો તરજુમો એ ચોપાન્યામાં સમાવ્યાં છે અને જો દરેક માબાપ પોતાના ફરજંદના હાથમાં નવજોતની થોડુંક આગમચ આએ ઉપયોગી ચોપાન્યું મુકશે તો તે પોતાનાં ફરજંદનું એકીન વધારે દીનદાર કરશે.

ફુરસદ.

(અકટોબર ૧૮૮૬.)

આ નાનું પુસ્તક તેના બનાવનાર મી૦ જા. એ દાદાચાંનજી તરફથી મલ્યું છે તેની પોંહોંચ કબુલ કરતાં અમોને મોટો આનંદ ઉપજે છે. નવજોતની ક્રિયાની વેલાએ નીરદોષ બચાંઓ પાસે પતેત ભણાવવાના માઠા ચાલ સાંમે કર્તાએ જે સખત ટીકા કીધા છે તેને અમે બોલેબોલ મલતા આવ્યે છીએ. પતેત ભણી પાપનો પસ્તાવો કરવાનું નાના બાલકોને માટે નથી પણ ઉમરે પુગેલાં સંસારી માણસોને માટે છે.

* * * *

પછવાડેથી અવસ્તાના ૫કરાઓ તથા બંદગીઓનાં જે અર્થો સમાવેલા છે તે જરૂર વાંચવા લાયક છે ને તે સદરો પેહડનારાં દરેક બાલકને આગમચથી શીખાડવા ઘટે છે. તે મધે અહુરમજદને માનવાનો એકરાર, નીતિની પસંદગી, અનીતિનો તિરસ્કાર, જરથોસ્તી તરીકેની કબુલાતો વગેરે બાબદો બચાંનાં મનપર નીતિનાં બોધનો કાયમ છાપ મારવાને તદન યોગ્ય છે.

અમે એવાં લખાણને જરથોસ્તી ધર્મની એક સેવા ગણીએ છીએ. જો એવી સેવા દરેક કાબેલ અથોરનાન કરતો રહે તો જરથોસ્તી ધર્મની હાલત સુધર્યા વિના રેહે નહી.

એવાં અગત્યના પુસ્તકની કિંમત બે આના ઘણીજ નજીવી રાખી છે તે ખચીત ભારે ઉતેજનને પાત્ર છે.

અખબારે સોદાગર.

(તા૦ ૪ થી આગસ્ટ ૧૮૮૭.)

નવજોત ક્રીયા નામનું એક નાહાનું ચોપાનીયુ મી૦ જામાસ્પજી એદલજી દાદાચાંનજીએ રચી બીજી વાર પ્રગટ કરીયું છે. આ નાહનું ચોપાનીયું જેની કીંમત બે આના રાખી છે. નવજોત લાએકની ઉમરે પુગવા આગમચ બાલકોને શરૂઆતના અભીઆસ માટે આ ચોપડી દરેક નીશાલોમાં લાગુ કરી હોય તો જરથોસ્તી બાલકોને ધરમ ગ્નાન મેલવવાની ઘણીજ સસતી સગવડ ભરી અને ઉતાવલી જોગવાઇ મલી શકે એમાં જરા પણ શક નથી.

જ્ઞાનવર્ધક.

(ફેબરવારી ૧૮૮૮,)

આ ન્હાની ઘણી ઉપયોગી ચોપડીની બીજી આવૃતિ નીકલેલી જોઇ અમે ખુશી છીએ.

આજ સુધી "નવજોત" અથવા સુદરો કુસ્તી પેહરાવવાની ક્રીયા આપણાં જરથોસ્તીઓ ફકત કરાવી જાણે છે પણ તેનો ખરો અર્થ અને મતલબથી મોટ ભાગ બલકે લગભગ પોણો ભાગ તદન બેખબર છે અને ફકત એક ચાલુ રેવાજને વલગી રહી તેની તે ઢપે પોતાનુ કામ ચલાવ્યા જાય છે. પણ જ્યારથી આપણામાં શીખેલા એરવદોનો વધારો થયો છે ત્યારથી આપણને કાંઇને કાંઇ નવું જાણવાનુ મળે છે. તો જોકે અમોને અમારૂ ખુલ્લું મત દલગીરી સાથે આપવું પડે છે કે આપણા શીખેલા એરવદોથી આપણે જેટલી આશા રાખી હતી તેટલી આપણી આશા પાર પડી નથી, તેમાં જેટલો એ શીખેલા એરવદોનો વાંક છે તેથી વધુ તો નહી પણ તેટલોજ

જરથોસ્તી આલમનો પણ વાંક છે. અલબતાં આપણા એરવદ સાહેબોને જે કેલવણી જરથોસ્તી આલમને ખર્ચે મળી છે તેથી જરથોસ્તીઓને તેઓએ પોતાના જ્ઞાનનો લાભ આપવો જોઇએ એ વાત ખરી છે પણ કેલવણી આપી તૈયાર કીધા પછી તેઓના નીભાવ માટે જરથોસ્તી આલમ તરફથી કાંઇ બંદોબસ્ત થયલો આપણને ખબર નથી. આજના વખતમાં સૌને પોત પોતાના નીભાવની પેહેલે ફીકર હોય છે અને તે ફીકરને આધીન થઈ સૌ પોત પોતાનો ધંધોધાપો લઇ બેસે છે ત્યારે એટલી તો શું તેમને ફુરસદ હોય કે તેઓ કોમના ફાયદા માટે પોતાનો વખત રોકે? ... ...

આ "નવજોત ક્રીયા"ની ન્હાની પણ ઉપયોગી ચોપડીમાંથી અમને એક નવી બાબદ મળી આવી છે તે એકે એ ક્રીયામાં જે નીરંગ (ગૌમુત) પાવામાં આવે છે તે ધર્મનાં ફરમાન પ્રમાણે નથી અને મી૦ દાદાચાનજી કહે છે કે "પ્રમાણીક અને ધર્મનો ખરો" અભ્યાસી ધર્મ પુસ્તકોને આધારે જણાવશે કે કોઈબી માણસને ગમે એવો પાપી હોય તે છતાં "નીરંગ પાવાનું જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં ફરમાવેલું નથી." આવી રીતે ખુલ્લે ખુલ્લું પોતાનું સ્વતંત્ર મત મી૦ દાદાચાનજીએ જાહેર કીધું એટલુંજ નહી પણ વળી તેના ટેકામાં દાખલા દલીલો રજુ કીધા છે અને તે છતાં આજ સુધી સીધી રીતે તેની તરફેનમાં કોઈ બીજા દસ્તુર સાહેબોએ તથા એરવદ સાહેબોએ હીંમત પકડી મત આપ્યું નથી કે નથી તેની વીરૂધ બોલવાની છાતી ચલાવી અને તેથી થયું એવું કે આ ન્હાની ચોપડીની બે આવૃતીઓ નીકલવા પછી હજારો બાળકોની નવજોત ક્રીયા થઇ હશે પણ જે માબાપોએ આ

ન્હાની કેતાબ વાંચી હશે તેઓએ દગમની છાતીએ પોતાનાં ખરાં ફરજંદોને નીરંગ પાયો હશે અને જેઓએ નહી વાંચી હશે તેઓએ તો રેવાજને આધીન થઈ ખુશખુશાલ રીતે નીરંગનો ઉપયોગ કીધો હશે અને હવે પછી હજારો બાલકો એ રસમને આધીન થઇ આપણી પવીત્ર દીનમાં આવશે!

હવે અમો આ ન્હાની પણ ઉપયોગી ચોપડી વિશે થોડુંક બોલવા માંગ્યે છીએ. આ ચોપડીમાં સમાવેલી રીતે જો નવજોત ક્રીયા કરવામાં આવે તો તેથી બેસક જરથોસ્તી આલમને મોટો ફાયદો હાંસલ થવા ઉપરાંત જે બાલક એક પોપટ માફક જે બોલાવે તે બોલીને જરથોસ્તી ધર્મનો ઉંબર ઓલંગી દીનના દરવાજામાં દાખલ થાય છે તેમ નહીં થતાં પોતે કેટલી મોટી જોખમદારીમાં આવે છે અને ધર્મમાં આવ્યાથી કેમ ચાલવું, શું કરવું, કેટલી, ક્રીયા કરવી અને આગલ ચાલતાં કેવી રીતે વર્તવું તેની તેને સમજ આપવા માટે આ "નવજોત ક્રીયા"ની ચોપડી એક કીંમતી સાધણ છે અને અમો જોઇને ખુશી છીએ કે કેટલીક જરથોસ્તીઓને લગતી નીશાલોમાં તે શીખવવામાં પણ આવે છે.

અમો આશા રાખ્યે છીએ કે આ ન્હાની કેતાબ દરેક જરથોસ્તી માબાપ પોતાના ફરજંદોના હાથમાં મુકશે અને તે પ્રમાણે વર્તવાને ચાલુ કરશે; પણ તે પેહલા નીરંગનો સવાલ પુરેપુરો ચરવાય અને જે ખરૂં હોય તેનો જય જયકાર થાય! આમીન.